સુવિચાર

ભૂલ એનાથી જ થાય છે જે સારું કરવા ઈચ્છે છે, બાકી કંઇ નહી કરવાવાળા તો ભૂલો જ શોધ્યા કરતા હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




રાજકોટના વ્યાજખોરે મોરબીના કારખાનેદારને ફસાવી જમીન લખાવી લીધી P-4

Year-16, Issue-27 ■ DATE : 09-05-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારતીય સેનાએ પાકિસ્તાનનો કર્યો કચ્ચરઘાણ

## સરહદે લોહિયાળ જંગ: ત્રાસવાદીઓની લાશોનાં ઢગલા: ભારતે એન્ટી ટેક મિસાઈલો છોડી ગઈરાત્રે પાકિસ્તાની મિસાઈલો-ડ્રોનનું કર્યું સુરસુરીયું: નૌકાદળે અરબી સમુદ્રમાં કમાન સંભાળી





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આતંકવાદનું આશ્રયસ્થાન પાકિસ્તાન, તેની નાપાક પ્રવળત્તિઓથી બાકાત નથી. આતંકવાદીઓ સામે ચાલી રહેલા ઓપરેશન સિંદૂર વચ્ચે, આતંકવાદીઓ દ્વારા નિયંત્રણ રેખા પાર કરીને ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે, સરહદ પર તૈનાત ભારતીય સુરક્ષા દળોએ તેમના આયોજનોને નિષ્ફળ બનાવ્યા. ૮ મેના રોજ, રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ, BAS એ જમ્મુ અને કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સાંબામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ઘણા પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે.ભારતે પાકિસ્તાનના ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા બાદ, નિયંત્રણ રેખા પર ફરી ગોળીબાર શરૂ થયો છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાની સૈનિકોએ આજે સવારે કુપવાડા અને ઉરીમાં નિયંત્રણ રેખા પર ફરી ગોળીબાર શરૂ કર્યો હતો. માહિતી અનુસાર, ભારતે પાકિસ્તાનના ૫૦ થી વધુ ડ્રોનને તોડી પાડ્યા હતા, જે દરમિયાન ભારતે તેની L-70, ZU-23 ગન અને શિલ્કા સિસ્ટમથી પાકિસ્તાની હુમલાનો જવાબ આપ્યો હતો.

તમને એ પણ જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીકના વિસ્તારોમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવેલા ભારે ગોળીબારમાં એક મહિલાનું મોત થયું હતું અને તેના પરિવારના બે સભ્યો ઘાયલ થયા હતા. અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી. તેમણે કહ્યું કે ભારતીય સેનાએ પાકિસ્તાની હુમલાનો યોગ્ય જવાબ આપ્યો છે.

**POKમાં ધમાસાણ: આખી રાત વોર રૂમ ધમધમ્યો**

અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાની સૈનિકોએ ગુરુવારે રાત્રે નિયંત્રણ રેખા પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું અને ઉત્તર કાશ્મીરના બારામુલા જિલ્લાના ઉરી સેક્ટરમાં નાગરિક વિસ્તારોને નિશાન બનાવીને ભારે ગોળીબાર કર્યો હતો. તેમણે કહ્યું કે પાકિસ્તાને ઉરીના સિલીકોટ, બોનિયાર, કમલકોટ, મોહરા અને ગિંગલ સહિત અનેક વિસ્તારોને નિશાન બનાવ્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારે ગોળીબારથી અનેક માળખાઓને નુકસાન થયું હતું અને લોકોને ભાગી જવાની ફરજ પડી હતી. તેમણે જણાવ્યું હતું કે મોહરા નજીક ગોળીબારથી બચવાનો પ્રયાસ કરતી વખતે એક પરિવારના ત્રણ સભ્યોની કાર પર શેલ પડતાં તેઓ ઘાયલ થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં નરગીસ બેગમ નામની એક મહિલાનું મોત થયું હતું.

ભારતે પાકિસ્તાનના ડ્રોન હુમલાને નિષ્ફળ બનાવ્યા બાદ, નિયંત્રણ રેખા પર ફરી ગોળીબાર શરૂ થયો છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાની સૈનિકોએ આજે સવારે કુપવાડા અને ઉરીમાં નિયંત્રણ રેખા પર ફરી ગોળીબાર શરૂ કર્યો હતો. માહિતી અનુસાર, ભારતે પાકિસ્તાનના ૫૦ થી વધુ ડ્રોનને તોડી પાડ્યા હતા, જે દરમિયાન ભારતે તેની L-70, ZU-23 ગન અને શિલ્કા સિસ્ટમથી પાકિસ્તાની હુમલાનો જવાબ આપ્યો હતો.

સવારે નિયંત્રણ રેખા નજીક જોરદાર વિસ્ફોટો સંભળાયા હતા. પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા આ હુમલાનો ભારતીય સેના પણ યોગ્ય જવાબ આપી રહી છે.પાકિસ્તાની સેના દ્વારા પર સતત ભારે ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ભારતીય સેના દ્વારા પણ પાકિસ્તાનને યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો છે. ભારતીય સેનાએ પાકિસ્તાની ચોકીના વિનાશનો વીડિયો જાહેર કર્યો છે.

પાકિસ્તાની સેના દ્વારા સરહદ પર સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. ભારતે પણ વળતો જવાબ આપ્યો, નિયંત્રણ રેખા પર અનેક પાકિસ્તાની ચોકીઓનો નાશ કર્યો. ભારતીય સેનાએ તેનો વીડિયો જાહેર કર્યો છે. ભારતીય સેનાએ પાકિસ્તાની ચોકીને નષ્ટ કરવા માટે એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલોનો ઉપયોગ કર્યો હતો.

# ઉરીમાં જૈશના ૭ આતંકવાદીઓ ઠાર



**મુખ્ય સમાચાર, જમ્મુ**

ભારતના ઓપરેશન સિંદૂર પછી પાકિસ્તાન ખૂબ જ નારાજ છે. પાકિસ્તાન સરહદ પર સતત નાપાક પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ૮ અને ૯ મેની રાત્રે, ચીને ફરી એકવાર સરહદ પાર ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓનો આશરો લીધો, જેનો ભારતીય સેનાએ યોગ્ય જવાબ આપ્યો. ભારત સરહદ પર પાકિસ્તાનની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપતું જોવા મળ્યું. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા તમામ ડ્રોન હુમલાઓનો ભારતની સંરક્ષણ પ્રણાલીએ યોગ્ય જવાબ આપ્યો.

જમ્મુના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર સરહદ સુરક્ષા દળે ઘૂસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફળ બનાવ્યો. સાંબા સેક્ટરમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવતા એ સાત આતંકવાદીઓને ઠાર માર્યા છે. ૧૦-૧૨ આતંકવાદીઓ ઘૂસણખોરી કરવાની યોજના બનાવી રહ્યા હતા. બાકીના આતંકવાદીઓ પાકિસ્તાન તરફ પાછા ભાગી જવામાં સફળ રહ્યા. કહેવામાં આવી રહ્યું છે કે તે બધા જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી હતા. કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરી વિસ્તારમાં સરહદ પારથી થયેલા ગોળીબારમાં એક મહિલાનું મોત થયું હતું અને બીજી એક મહિલા ઘાયલ થઈ હતી. એવું કહેવામાં આવ્યું હતું કે રાજરવાનીથી બારામુલ્લા જઈ રહેલા એક વાહન પર મોહુરા નજીક ગોળીબાર થયો હતો. આ અકસ્માતમાં નરગીસ બેગમ નામની મહિલાનું મોત થયું છે. આ ઉપરાંત રઝીક અહેમદ ખાનની પત્ની હાફિઝા ઘાયલ થઈ હતી. હાફીઝાને તાત્કાલિક સારવાર માટે જીએમસી બારામુલ્લા લઈ જવામાં આવી. જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ટ્વીટ કર્યું, ગઈકાલે રાત્રે જમ્મુ શહેર અને ડિવિઝનના અન્ય ભાગો પર પાકિસ્તાની ડ્રોન હુમલાના નિષ્ફળ હુમલા બાદ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે હવે જમ્મુ જઈ રહ્યા છીએ.

# ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિને કારણે IPL મુલતવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત- પાકિસ્તાન સંઘર્ષના કારણે BCCI એ IPL સ્થગિત કરી દીધી છે. લીગ સ્ટેજની બાકીની ૧૨ મેચ હવે રમાશે નહીં. ટુર્નામેન્ટની ફાઈનલ ૨૫ મેના રોજ યોજાવાની હતી. એવું માનવામાં આવે છે કે દેશમાં શાંતિ સ્થાપિત થયા પછી જ IPLની બાકીની મેચો યોજવાનો નિર્ણય લેવામાં આવશે.

૮ મેની રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે, પાકિસ્તાને ભારતની જમ્મુ, પંજાબ અને રાજસ્થાન સરહદો પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો. આ દરમિયાન હિમાચલ પ્રદેશના ધર્મશાલામાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી હતી.

પ્રથમ બેટિંગ કરતા પંજાબે ૧૦.૧ ઓવરમાં ૧ વિકેટ ગુમાવીને ૧૨૨ રન બનાવ્યા. ત્યારબાદ મેદાનની ફ્લડલાઈટ બંધ કરી દેવામાં આવી અને દર્શકોને ઘરે મોકલી દેવામાં આવ્યા. યુદ્ધની સ્થિતિને કારણે, શહેરમાં બ્લેકઆઉટ લાદવામાં આવ્યું હતું અને મેચ રદ કરવામાં આવી હતી. આ લીગ સ્ટેજની ૫૮મી મેચ હતી.

ટુર્નામેન્ટ બંધ થઈ ત્યાં સુધીમાં, ૪ ટીમો પાસે ૨-૨ મેચ બાકી હતી.





જ્યારે ગુજરાત અને બેંગલુરુ સહિત ૬ ટીમોએ ૩-૩ મેચ રમી ન હતી. લખનૌ અને બેંગલુરુ વચ્ચેની મેચ શુક્રવારે લખનૌમાં રમાવાની હતી, પરંતુ તે પહેલા જ ટુર્નામેન્ટ બંધ કરી દેવામાં આવી હતી.

આઈપીએલનો આ તબક્કો અહીં જ રોકાઈ ગયો છે. હવે વિશ્વની સૌથી રોમાંચક લીગની બાકીની મેચો પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ યોજાશે. તેની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બીજો વિકલ્પ એ હોઈ શકે છે કે મેચ ખાલી સ્ટેડિયમમાં યોજવામાં આવે અને દર્શકોને સ્ટેડિયમમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવે.

# પાકિસ્તાન વિનાશના પંથે: સેના અને ટોચના અધિકારીઓ દેશ છોડી ભાગ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાકિસ્તાને સતત બીજા દિવસે રાત્રે ડ્રોન અને મિસાઈલથી હુમલા કર્યા. આ હુમલા ભારતના જમ્મુ-કાશ્મીર, પંજાબ અને રાજસ્થાન સહિતના વિસ્તારોમાં કરવાના પ્રયાસ કરાયા હતા. પાકિસ્તાનના ડ્રોન-મિસાઈલ હુમલાને ભારતની ઍર ડિફેન્સ સિસ્ટમે નિષ્ફળ કરી દીધા હતા. પાકિસ્તાની હુમલા પર ભારતે જડબાતોડ જવાબ આપવાનું શરૂ કરી દીધું હતું.

પાકિસ્તાને ભારતનાં ૧૫ શહેરો પર ડ્રોન અને મિસાઈલ દ્વારા હુમલા કર્યા એના વળતા જવાબમાં ભારતે મોડી રાતે લાહોર, સિયાલકોટ, કરાચી, પેશાવર અને ઈસ્લામાબાદમાં વળતો હુમલો કરતાં ઠેર-ઠેર બૉમ્બમારો કર્યો હતો.

પાકિસ્તાની સેના અને સરકારના અનેક મોટા અધિકારીઓ વિદેશ ભાગ્યા, ઈસ્લામાબાદ ઍરપોર્ટ પરથી અનેક પ્રાઈવેટ જેટ ઊડ્યાં હતા.



અરબી સમુદ્રમાં તહેનાત INS વિક્રાન્ત પરથી ભારતીય નૌસેનાએ કરાચી પર હુમલો કર્યો હતો એમાં કરાચી શહેર અને કરાચી પોર્ટ પર મોટું નુકસાન થયું હતું.

પાકિસ્તાને મોડી રાતે ફરીથી જમ્મુ, જેસલમેર, પંજાબ, પઠાણકોટમાં ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા જે ૯૪૦૦ સિસ્ટમે ખાળ્યા હતા. ભારતીય સેનાએ બે -૧૭ અને એક -૧૬ જેટ તોડી પાડ્યાં હતાં.

પાકિસ્તાને મોડી રાતે લાઈન ઑફ કન્ટ્રોલ પાસે કૂપવાડા અને બારામુલ્લામાં ભારે ફાયરિંગ કર્યું હતું અને ભારતીય સેનાએ એનો વળતો જવાબ આપ્યો હતો.

# આવશ્યક ચીજવસ્તુઓ સહિતની સપ્લાય ન અટકે તે માટે મોદીએ સચિવોને સુચના આપી

## એનએસએ ડોભાલ સાથે બેઠક કરી: સેનાના જનરલ ઉપેન્દ્ર ત્રિવેદી સાથે મુલાકાત કરી ભારતની જવાબી કાર્યવાહીની પળેપળની વિગતો જાણી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત પર પાકિસ્તાનનાં ડ્રોન અને મિસાઈલના હુમલા બાદ ગુરૂવારે વડાપ્રધાન મોદીએ ફરી એકવાર કમાન સંભાળી લીધી છે. વડાપ્રધાને એનએસએ સાથે મોડી રાત સુધી મીટીંગ કરી હતી અને ભારતની જવાબી પ્રતિક્રિયાને લઈને પળ પળની જાણકારી મેળવતા રહ્યા છે.

વડાપ્રધાન મોદીએ આવશ્યક ચીજવસ્તુઓ સહિતની સપ્લાય ન અટકે અને સંવેદનશીલ ઈન્ફ્રાસ્ટ્રકચરની સુરક્ષામાં ચુક ન રહે તે માટે ૨૦ વિભાગના સચિવોને સુચના આપી છે. આ વિભાગોમાં અણુ, ઉર્જા, આઈટી, ગ્રાહક બાબતો, માર્ગ મકાન, રેલવે, શીપીંગ, ઉર્જા જેવા વિભાગોનો સમાવેશ થાય છે. આ પહેલા વડાપ્રધાને આખો દિવસ મોટી બેઠકોનાં માધ્યમથી સ્પષ્ટ સંકેત આપી ચુકયા હતા કે પાકિસ્તાને ભારતીય સેના દ્વારા આતંકી અડ્ડા પર કાર્યવાહી બાદ જે રીતે પ્રતિક્રિયા આપી છે તેની તેને ભારે કિંમત ચુકવવી પડશે.

દિવસે પણ સૌથી પહેલા એનએસએ અજીત ડોભાલ સાથે વડાપ્રધાન મોદીની બેઠક લગભગ એક કલાક સુધી ચાલી અહીં જ નકકી થઈ ગયુ હતું કે પાકિસ્તાનને તેની જ ભાષામાં જડબાતોડ જવાબ આપવાનો છે. ત્યારબાદ વડાપ્રધાને ગૃહસચીવ ગોવિંદ મોહન સાથે લાંબી બેઠક કરી હતી. મોદી આશ્વસ્ત થવા માંગતા હતા કે ઈમરજન્સી હાલત-માં આંતરિક મોર્ચા પર બધુ સજજ રહે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયને આધિન સીઆરપીએફ, બીએસએફ અને રાજય પોલીસ દળો સહિત બધા કેન્દ્રીય દળો આવે છે. એક દિવસ પહેલા ગૃહમંત્રી અમિત શાહ બધા રાજયોનાં મુખ્યમંત્રીઓ સાથે વાત કરીને તૈયારીઓની માહિતી લઈ ચુકયા હતા.

ગૃહસચીવ સાથે મુલાકાત બાદ મોદીએ બધા



વિભાગોનાં સચિવો સાથે વાત કરી હતી. તેમણે ઈમરજન્સીને નજરમાં રાખીને પરસ્પર સંવાદ અને તાલમેલ સાથે આંતરિક વ્યવસ્થાને ચુસ્ત જાળવી રાખવાનું કહ્યું હતું.

બાદમાં મોદી સેના પ્રમુખને મળ્યા હતા અને આ મુલાકાતમાં લગભગ સ્પષ્ટ થઈ ગયુ હતું કે ભારત આસમાનથી માંડીને ધરતી સુધી પાકિસ્તાનની હરકતોના જવાબ આપવા તૈયાર છે.

વડાપ્રધાન મંગળવારથી જ સતત સક્રિય છે. મંગળવારે મોડી રાત્રે તેઓ એક કાર્યક્રમમાં હતા ત્યારબાદ પીએમઓમાં ઓપરેશન સિંદુરની યોજના પર કામ થવા લાગ્યુ હતું.

# ગુજરાતના ૧૮ જિલ્લાઓ હાઈએલર્ટ પર મુકાયા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગઈકાલે ૮ તારીખે મોડી સાંજથી પાકિસ્તાને તેની નાપાક હરકત ચાલુ કરી હતી અને નિયંત્રણરેખામાં સીઝફાયરનું ઉલ્લંઘન કરી જમ્મુમાં રહેણાંક વિસ્તારો અને જમ્મુ એરપોર પર ડ્રોન હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ ઉત્તર અને પશ્ચિમી સરહદ વિસ્તારોમાં ભારે અવાજ પણ આવતા ગયા.

રાજસ્થાન, પંજાબ, જમ્મુ કાશ્મીરના સરહદી જિલ્લાઓમાં બ્લેક આઉટ કરવામાં આવ્યું હતું. તમામ શહેરોમાં સાયરન વાગ્યા રહ્યા. ત્યાર-બાદ કચ્છના ભુજમાં પણ સાંજે ૯ આસપાસ બ્લેક આઉટના ઓર્ડર અપાયા હતા. કચ્છના સરહદ પર ત્રણ ડ્રોન નજરે પડ્યા હતા.

અગાઉ પણ બે ડ્રોન તોડી પડાયા હતા. કચ્છની સાથે બનાસકાંઠા અને પઠાણ જિલ્લાઓમાં ઘણા ગામોમાં બ્લેક આઉટના આદેશ અપાયા હતા.





**કચ્છ, બનાસકાંઠા, પાટણમાં બ્લેક આઉટ: ત્રણ ડ્રોન તોડી પડાયા**

પાટણ જિલ્લાના ૭૦ જેટલા ગામો અને બનાસકાંઠાના વાવ, સુઈગામના ૩૦ થી વધારે ગામો જે સરહદ થી નજીક છે અને સંવેદનશીલ છે તેમાં બ્લેક આઉટ અપાયા હતા.

કચ્છમાં મુન્દ્રામાં આવેલ અદાણી પોર્ટ ગઈરાત્રીએ તાત્કાલિક અસરથી બંધ કરાયું હતું. સતર્કતાના ભાગરૂપે બંધ કરાયું હતું તેવા સમાચાર પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત સોમનાથ, દ્વારકા, અંબાજી, સહિતના યાત્રાધામોમાં સિક્યોરિટી વધારવામાં આવી હતી.

ગાંધીનગર મોડી રાત્રે દેશમાં પાકિસ્તાન દ્વારા હુમલા બાદ યુધ્ધ જેવી સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરહદી રાજ્ય હોવાથી સરહદી જિલ્લાની પરિસ્થિતિ પર સતત નજર રાખવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાથી સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના અધ્યક્ષસ્થાને ઈમરજન્સી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં મંત્રી સંઘવીએ સંબંધિત જિલ્લાના કલેક્ટરો તથા જિલ્લા પોલીસ વડા સાથે ટેલિફોનીક વાત કરી સ્થાનિક સ્થિતિ અંગે જાણકારી મેળવીને કોઈ અનિચ્છનીય બનાવ ન બને, કોઈ પેનિક ન થાય તથા વિશેષ તકેદારી રાખવામાં આવે તે માટે જરૂરી સાવચેતીના પગલાં ભરવા સૂચનાઓ આપી.

આ બેઠકમાં મુખ્ય સચિવ પંકજ જોશી, અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ, રાહત કમિશનર આલોક કુમાર પાંડે અને ગુજરાત પોલીસ વડા વિકાસ સહાય સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાકે. પુંછ જિલ્લામાં ગોળીબારી કરી ધાર્મિક સ્થળોને નિશાન બનાવ્યા

## ભારતીય સેનાએ પણ પાક.ની કાર્યવાહીનો જોરદાર જવાબ આપ્યા

**મુખ્ય સમાચાર, ઉરી**

ઓપરેશન સિંદુરથી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપનાર ભારતથી ઉશ્કેરાયેલા પાકિસ્તાને એલઓસી પર આવેલા ઉરીમાં ભારે ગોળા બારુદ છોડયા હતા તો પુંછ જિલ્લામાં પણ ગોળીબારી કરી ધાર્મિક સ્થળોને નિશાન બનાવાયા હતા. ભારતીય સેનાએ પણ પાક.ની કાર્યવાહીનો જોરદાર જવાબ આપ્યો હતો.

ઉત્તર કાશ્મીરમાં ઉરીના નોપોરા ગામમાં ગુરુવારે સવારે સન્નાટો હતો. તૂટેલી છતો, વિખેરાયેલા કાટમાળ



વચ્ચે અહીના લોકોએ રાત પસાર કરી હતી. ૨૨ વર્ષનો તાહિરે કહ્યું હતું કે હું શ્રીનગરમાં સેલ્સમેન છું. ખૂબ જ મહેનતથી ઘર બનાવ્યું હતું. હવે બધુ ખતમ થઈ ગયું. હવે પરિવાર કયાં રહેશે સમજમાં નથી આવતું. ઉરીનો વિસ્તાર હંમેશા સીમા પાસ હોવાના કારણે સંવેદનશીલ રહ્યો છે. મંગળવાર સુધી ઉરીની ગલીઓમાં ચહલ-પહલ હતી. બાળકો સ્કુલે જતા હતા. ક્રિકેટ રમતા હતા પરંતુ બુધવારે વહેલી સવારે બધું બદલાઈ ગયું. ૭૫ વર્ષના ગુલામ હસન પોતાના દોહિત્રો સાથે રાતભર બંકરમાં રાત્રે ૨ વાગ્યે મોર્ટાર આવ્યું. ઘર હલી ગયું. ત્રણ ઘર પુરી રીતે તબાહ થઈ ગયા.

અમે અનેક વાર બંકરની માંગ કરી હતી પણ ૨૦૦૩ના સીઝફાયર બાદ બધું શાંત થઈ ગયું અને માંગો પણ થંભી ગઈ હતી. બુધવારે સવારે આખો પરિવાર બારામુલા ભાગી ગયો. આવી ભીષણ ગોળાબારી કયારેય નથી જોઈ. પુંછ જિલ્લામાં ધાર્મિક સ્થળોને નિશાન બનાવાયા પુંછ જિલ્લામાં ભારે ગોળાબારીને લઈને રહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આખી રાત ગોળાના અવાજો આવતા રહ્યા, લાગે છે કે હવે નહીં બચીએ. તાહિરને બુધવારે મોડી રાત્રે ભાઈ સાહિલનો ફોન આવ્યો હતો. ભારે ગોળાબારી થઈ રહી છે. પડોશી અબ્દુલકયુમ મીર (ઉ.૫૨) ગુરુવારે પશુઓને જોવા પાછો ફર્યો હતો. તેણે જણાવ્યું કે જામિયા મિયા-ઉલ-ઉલુમ સ્કુલ, પુંછના ઉપ-પ્રધાનાચાર્યે જણાવ્યું હતું કે અગાઉ જયારે આવું થતું હતું ત્યારે આવી હાલત થતી હતી ત્યારે અમારો વિસ્તાર સુરક્ષિત રહેતો હતો પણ હવે મોટી સંખ્યામાં લોકોના જીવ ગયા છે. ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

પુંછ જિલ્લામાં ભારે ગોળાબા-રીથી ગુરુદ્વારામાં સેવા કરી રહેલ અમરિકસિંહ કે જે એક રાગી પણ હતા તે માર્યા ગયા હતા તે પોતાના ઘરમાં બનેલી દુકાનમાં હતા ત્યારે એક દારુગોળો આવીને પડતા તેનો જીવ ગયો હતો.

# 'X' એ ભારતમાં આઠ હજાર એકાઉન્ટ્સને બ્લોક કરવાનું શરૂ કર્યું

## લોકોએ સોશિયલ મીડિયા પર ખોટી માહિતી ફેલાવવાનું ટાળવું જોઈએ: ભારત સરકાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' એ ભારતમાં આઠ હજાર એકાઉન્ટ્સને બ્લોક કરવાનું શરૂ કર્યું. 'X' એ જણાવ્યું હતું કે, ભારત સરકાર તરફથી ભારતમાં ૮,૦૦૦થી વધુ એકાઉન્ટ્સને બ્લોક કરવાનો આદેશ મળ્યો છે.

નોંધનીય છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. પાકિસ્તાન સતત ફેક સમાચાર દ્વારા પ્રચાર ફેલાવી રહ્યું છે. ભારત સરકારના આદેશ બાદ એક્સ એ ૮૦૦૦ થી વધુ એકાઉન્ટ બ્લોક કરવાનું શરૂ કર્યું છે. પાકિસ્તાન સાથે ચાલી રહેલા સરહદી તણાવ વચ્ચે, ભારત સરકારે ફેક ન્યૂઝ ફેલાવનારાઓ સામે ચેતવણી જારી કરી છે. સરકારે કહ્યું છે કે, લોકોએ સોશિયલ



મીડિયા પર ખોટી માહિતી ફેલાવવાનું ટાળવું જોઈએ અને કોઈપણ દાવો શેર કરતા પહેલા, તેમણે સત્તાવાર સ્ત્રોતોમાંથી તેની પુષ્ટિ કરવી જોઈએ.

# જામનગર નજીક કારમાંથી ક્રિકેટના સટ્ટાનું નેટવર્ક ઝડપાયુ: ૩ બુકી પકડાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમેં પૂર્વ બાતમીના આધારે બેડ નજીકથી ચાલુ કારમાં આઈપીએલની ક્રિકેટ મેચ પર રમાડાઈ રહેલા ક્રિકેટના નેટવર્કને પકડી પાડ્યું છે, અને મોરબી પંથકના ત્રણ ક્રિકેટના સટ્ટાખોરોની અટકાયત કરી ૭.૩૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે, જયારે ક્રિકેટના સોદાની કપાત કરનારા મોરબી જામનગર પંથકના અન્ય ૧૬ પન્ટરને ફરારી જાહેર કરાયા છે.



જામનગર જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુની સુચનાથી એલસીબી પીઆઇ લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ મોરી, પીએસઆઇ કાંટેલીયા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમ્યાન એલસીબીના કાસમભાઇ, હિતેન્દ્રસિંહ,ને મળેલ બાતમી આધારે જામનગરની નજીક આવેલા બેડ ગામના ટોલનાકા પાસે જાહેર રોડ પર અર્ટીગા કારમાં બેસીને મોરબી પંથકના શખ્સો આઇપીએલ ક્રિકેટ સટ્ટાનું નેટવર્ક ચલાવી રહયા છે.જે બાતમીના આધારે બેડ ગામના પાટીયા પાસે એલસીબીની ટુકડીએ વોચ ગોઠવી હતી, જે વોચ દરમિયાન જીજે ૩૬ એ.એલ. ૯૯૭૪ નંબરની અર્ટીગા કાર શંકાસ્પદ હાલતમાં પસાર થતાં તેને પોલીસે અટકાવી લીધી હતી, અને તેની તલાસી લીધી હતી.તે તલાસી દરમિયાન કારમાં બેઠેલા ત્રણ શખ્સો પોતાના મોબાઈલ ફોન મારફતે ક્રિકેટના સટ્ટાનું નેટવર્ક ચલાવી રહેલા મળી આવ્યા હતા. આથી પોલીસે કાર તેમજ ૬ નંગ મોબાઈલ ફોન અને ૧૧,૫૦૦ની રોકડ રકમ વગેરે સહિત ૭,૩૨,૫૦૦ની માલમતા કબજે કરી લીધી હતી.આ ઉપરાંત કારમાં બેઠેલા મોરબી પંથકના ત્રણ બુકીઓ વાવડી રોડ ક્રિષ્નાપાર્કમાં રહેતા અસલમ કાસમ પરમાર-ઘાંચી, મોરબીના જુના બસ સ્ટેન્ડ પાછળ રહેતા તોફીક હુસેન પિલુડીયા પીંજારા અને મોરબી રવાપર રોડ ખાતે રહેતા સબીર આબીદ કાદરીની અટકાયત કરી લેવામાં આવી છે, અને ત્રણેય સામે જુગાર ધારા ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસની વધુ તપાસ તપાસ દરમિયાન આઈપીએલની ચેન્નાઈ અને કલકત્તા વચ્ચેની ક્રિકેટ મેચ પર સટો રમાડવામાં આવી રહ્યો હતો, અને જુદા જુદા જામનગર અને મોરબી પંથકના ૧૬ જેટલા પંટર સાથે ક્રિકેટના સોદાની કપાત કરવામાં આવતી હતી જેથી એલસીબીની ટુકડીએ મોરબીના અને જામનગર પંથક ઉપરાંત અલગ કે જેઓને કોડ નંબર અથવા તો ઉપનામ અપાયા હતા જે પૈકીના મોરબી સબજેલ પાછળ મકરાણી પાળામાં રહેતા હનીફ મકરાણી તથા ૧૩ નંબર , ૧૯ નંબર, ૧૧ નંબર, ૪૭ નંબર, ત્રણ નંબર, ૭ નંબર-કાનો મોરબી, ૫૬ નંબર, ૦૦ નંબર ૪૦૧ નંબર, હનીફ, ૪૪ નંબર, ડાગલી, વીઆઈસી, અલીભાઈ, બાપુ અને એમ એમને ફરારી જાહેર કરવામાં આવ્યા છે. જેઓની મોબાઈલ નંબરના આધારે શોધખોળ ચલાવાઇ રહી છે.આ ઉપરાંત જામનગરના પટ્ટણીવાડ, વંડાફળી, બુરહાની એપાર્ટમેન્ટ નં. ૪ ખાતે રહેતા રીક્ષા ડ્રાઈવર ફકદીન અસગરઅલી કપાસી નામના શખ્સને મોબાઇલ આઇડીમાં ઓમાનમાં રમાતી આફ્રીકા વુમન અને ઈન્ડીયા વુમન વચ્ચેનો મેચ નિહાળી સોદાઓ પાડતા રોકડા ૧૧૫૦ અને મોબાઇલ સાથે સીટી-એ ડીવીઝને દબોચી લીધો હતો.

# હળવદના ગ્રામ્યમાં સગીરાને લગ્નની લાલચે ભગાડી જનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,હળવદ**

હળવદ તાલુકાના ગ્રામ્યમાં ૧૭ વર્ષીય સગીરાને લલચાવી ફોસલાવી લગ્નની લાલચે ભગાડી જનાર વિરુદ્ધ ભોગબનનારની માતા દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લગ્નની લાલચે સગીર વયની દીકરીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ગઈ તા.૦૪/૦૫ના રોજ આરોપી વિશાલભાઈ જ્યોતિષભાઈ લોદરીયા રહે.સુખપર તા.હળવદ વાળો સગીરાને કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ભગાડી ગયો હોય, ત્યારે સમગ્ર બનાવ મામલે પીડિતાની માતા દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરના સત્યમ કોલોનીના મુખ્ય માર્ગ પર સ્થાનિકો દ્વારા રસ્તા રોકો આંદોલન



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં વોર્ડ ૭માં સત્યમ કોલીની શેરીક૧.૨.૩માં મહાનગરપાલિકા દ્વારા પાણીની પાઇપ લાઈનકતેમજ ગટરની પાઈપલાઈનનું કામ કર્યાપછી રસ્તા રીપેર ન કરતા મહિલાઓ મેદાનમાં આવી હતી. રોડ ઉપર ખડાઓમાં પાણી ભરાયા છે.કાદવ કીચડ થી અકસ્માતનો ભય રહે છે. રોડ મરામત અંગે અનેકવાર રજુઆત કરવા છતાં કામ ન થતા આજે સત્યમ કોલોની અન્ડર બ્રિજ મેઈન રોડ ઉપર ચક્કાજામ કરીને રસ્તા રોકો આંદોલન કરેલ હતું. મહિલાઓએ મહાનગરપાલિકાના તંત્ર અને સ્થાનીક કોપોરેટરોની સામે પણ રોષની લાગણી વ્યક્ત કરી હતી.

# ખંભાળીયા નજીક કારમાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયો: રૂા.૬.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ખંભાળિયા નજીકના હાઈવે માર્ગ પર ગતરાત્રે ડીવાયએસપીની ટીમ દ્વારા દારૂ ભરેલી મોટરકાર કબજે લેવામાં આવી હતી. આ પ્રકરણમાં પોલીસે રૂ. ૬.૩૫ લાખના મુદ્દામાલ સાથે ભાણવડ તાબેના રાણપર ગામના શખ્સની અટકાયત કરી દીધી હતી. જ્યારે સપ્લાયરની શોધખોળ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયાના ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિની ટીમ દ્વારા સોમવારે રાત્રિના સમયે કરવામાં આવેલી કાર્યવાહીમાં સ્ટાફના શક્તિરાજસિંહ જાડેજા તથા સુખદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીકના જામનગર હાઈવે માર્ગ પર મઢુલી હોટલ પાસેના ઓવરબ્રિજ નજીકથી શંકાસ્પદ હાલતમાં પૂરઝડપે પસાર થતી મારુતિ બ્રેઝા કંપનીની જી.જે. ૨૩ સી.બી. ૦૦૧૦ નંબરની એક મોટરકારને પોલીસે અટકાવી, ચેકિંગ કરતા આ મોટરસાયકલમાં જુદા જુદા ૧૦ બાચકા માંથી ૬૫૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂપિયા ૧.૩૦ લાખની કિંમતના ૬૫૦ લિટર દેશી દારૂ તેમજ રૂ. ૫ લાખની કિંમતની મોટરકાર અને રૂ. ૫ હજારની કિંમતના મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૬.૩૫ લાખના મુદ્દામાલ સાથે ભાણવડ નજીકના રાણપર ગામના કેશુ ઉર્ફે કિશન કમા મોરી નામના ૨૦ વર્ષના શખ્સની અટકાયત કરી, ગુનો નોંધ્યો હતો.દારૂનો આ જથ્થો તેણે ભાણવડ તાલુકાના પાસ્તરડી ગામના જયેશ ટપુ રબારી નામના શખ્સ પાસેથી મેળવ્યો હોવાનું કબુલતા આ સમગ્ર પ્રકરણમાં ખંભાળિયા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં સગીરા સાથે મંદિરમાં લગ્ન કરીને અનેક વખત દુષ્કર્મ આચરનાર આરોપીને દસ વર્ષની સજા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં એક યુવકે સગીરા સાથે મિત્રતા કેળવ્યા પછી તેની સાથે મંદિરમાં ફૂલહાર પહેરાવીને લગ્ન કર્યા હતા. આ પછી તેણી સાથે અનેક વખત શરીર સંબંધ બાંધ્યો હતો. જે અંગેના કેસમાં અદાલતે આરોપીને ૧૦ વર્ષની સજા અને રૂા. ૧૭ હજારના દંડનો આદેશ કર્યો છે.જામનગરમાં રહેતા એક પરિવારની ૧૬ વર્ષની સગીર વયની પુત્રીને ગોકુલનગર વિસ્તારમાં રહેતો નયન કનુભાઈ પરમાર નામનો ૧૯ વર્ષના યુવાનએ મિત્રતા કેળવી હતી. આ સગીરા બાવળાવદર ગામે એક ધાર્મિક સ્થળે દર્શન કરવા ગઈ હતી ત્યાં આરોપી પણ આવ્યો હતો, અને આરોપીએ પોતાની સાથે ફ્રેન્ડશીપ કરવા જણાવી તેણીને મોબાઈલ આપ્યો હતો. આ પછી સગીરા અને યુવક અનેક વખત મોબાઈલ ફોનમાં વાતચીત કરતા હતા.ગત તા. ૩૦ માર્ચ ૨૦૧૯ ના રોજ સગીરા બપોરે ભોજન કરીને પોતાના કારખાને જતી હતી, ત્યારે એ વખતે યુવકે તેને ફોન કરીને મળવાનું જણાવ્યું હતું, આ પછી યુવક સગીરાને પોતાના ઘરે લઈ ગયો હતો.

જ્યાંથી બીજા દિવસે જામનગર નજીક દરેડ ગામ પાસે આવેલ મંદિરમાં એકબીજાને ફૂલહાર પહેરાવીને લગ્ન કર્યા હતા, અને એ જ દિવસે સગીરા સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આ પછી પણ અલગ અલગ સ્થળે ફરવા લઈ ગયો હતો અને અનેક વખત શરીર સંબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધીને આરોપીને ઝડપી પાડ્યો હતો અને જેલ હવાલે કર્યો હતો.આ અંગેનો કેસ સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ વી.પી. અગ્રવાલ સમક્ષ ચાલી જતા સરકાર પક્ષે ૧૪ સાહેદો તપાસવામાં આવ્યા હતા, આ ઉપરાંત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. જે સાંભળ્યા પછી અદાલતે આરોપી નયન પરમારને ૧૦ વર્ષ ની સજા અને રૂપિયા ૧૭ હજારનો દંડ તેમજ ભોગ બનનાર ને રૂ.બે લાખ નું વળતર ચૂકવવા નો આદેશ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે વકીલ ભારતીબેન વાદી રોકાયા હતા.

# મોરબીની કેનાલના અધૂરા કામ ત્વરિત પૂર્ણ કરવા અંગે અધિકારીઓને ધારાસભ્યની કડક સૂચના

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીપાવડિયાળીથી નવા સાદુળકા અને હરિપર ધાંગધ્રા બ્રાન્ચની ડી-૩૨ માઈનોર કેનાલના અધૂરા કામ બાબતે મોરબી-માળિયા ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ સ્થળ પર જઈ રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે નર્મદાના અધિકારીઓને ફોન કરીને જવાબદારી નિભાવવા ખખડાવ્યા અને તાત્કાલિક કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.



મોરબીના પાવડિયાળી કેનાલ રોડ પર ધ્રાંગધ્રા શાખા નહેરના પાવડિયાળીથી નવા સાદુળકા અને હરિપર ધાંગધ્રા બ્રાન્ચની ડી-૩૨ માઈનોર જે કેનાલનું ઘણા સમયથી અધૂરા કામને લઈને સ્થાનિક ખેડુતોમાં ભારે રોષ જોવા મળતો હતો. ત્યારે મોરબી-માળિયા વિસ્તારના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ ખેડૂત આગેવાનો અને ભરતનગર-હરિપર ગામના ખેડૂતો સાથે સ્થળ પર પહોંચી રૂબરૂ મુલાકાત લીધી હતી. હતા, જ્યાં તેમણે નર્મદા વિભાગના સેક્રેટરી, ચીફ એન્જિનિયર સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓને ફોન કરીને કાર્યવાહી કરાવવાની તાકીદ કરી હતી. ધારાસભ્યએ અધિકારીઓ સામે આક્ષેપ કર્યો કે તેઓ કામ બાબતે ખોટા નિવેદનો આપી રહ્યા છે અને કામમાં વિલંબ કરી રહ્યા છે. જેથી ધારાસભ્યએ તાત્કાલિક ધોરણે કામ પૂર્ણ કરવા માટે અધિકારીઓને સૂચના આપી હતી.

# ટંકારાના મિતાણા ગામે પેટ્રોલપંપ પરથી બલેનો કાર ચોરી કરનાર આરોપીને રાજસ્થાનથી દબોચી લેવાયો

■ મોરબી એલસીબી/પેરોલ ફર્લો ટીમે ગણતરીના દિવસોમાં ચોરીનો તમામ મુદામાલ રિકવર કર્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

ટંકારા તાલુકાના મીતાણા ગામના પેટ્રોલપંપ પરથી ચોરાયેલી બલેનો કાર, રોકડા રૂપિયા અને અન્ય મુદ્દામાલ સાથે આરોપી રાજસ્થાની રીઢા ગુનેગારને રાજસ્થાનમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો. મોરબી એલસીબી ટીમે ટેકનિકલ માધ્યમ અને સીસીટીવીના આધારે ગુનાને ગણતરીના દિવસોમાં ઉકેલી ચોરી કરેલ કાર સહિત ૬.૩૫ લાખનો મુદ્દામાલ પરત મેળવ્યો હતો.

મોરબી-રાજકોટ હાઈવે ઉપર મીતાણા ગામ નજીક આવેલા યદુનંદન પેટ્રોલપંપના પાર્કિંગમાંથી તા. ૨૨ એપ્રિલના રોજ અજાણ્યા ઈસમ દ્વારા અંબરીશકુમાર હેમરાજભાઈ ભીમાણીની માલિકીની બલેનો કાર નં. જીજે-૩૬-એએફ-૭૨૬૧ રોકડા ૨૫ હજાર રૂપિયા અને અન્ય દસ્તાવેજો સહિત ચોરી થઈ હતી. જે ચોરી અંગેની ફરિયાદ મળ્યા બાદ ટંકારા



પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વાહન ચોર આરોપી વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની તજવીજ શરૂ કરી હતી.

આ કેસમાં મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો ટીમે ઘટના સ્થળ તથા આજુબાજુના સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ગુનાનો ભેદ ઉકેલી ચોરી કરનાર આરોપી વિજયસિંહ રામસિંહ રાવત ઉવ.૨૪ રહે. ખોડીયા તા. સોજત જી.પાલી રાજસ્થાન વાળો હોવાનું અને હાલ તે રાજસ્થાનના રાજસમદ જીલ્લાના ભીમ ખાતે હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ સાથે એલસીબી/પેરોલ ફર્લો ટીમના એએસઆઈ વિક્રમસિંહ બોરાણા, જયસુખ વસીયાણી સહિતની ટીમે રાજસ્થાનના ભીમ શહેરમાં તપાસની કાર્યવાહી કરીને આરોપીને ઝડપી લીધો હતો, આ સાથે આરોપી પાસેથી ચોરાયેલી કાર, રોકડા રૂપિયા અને બે મોબાઈલ ફોન મળી કુલ ૬.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વધુમાં પકડાયેલ આરોપી વિજયસિંહ રામસિંહ રાવત અફીણનો બંધાણી હોય અને પોતે કોઇ કામ ધંધો કરતા ન હોય તેમજ આવકના કોઇ સ્ત્રોત ન હોય જેથી પોતે અગાઉ પણ રાજસ્થાન રાજ્યના બ્યાવર, અજમેર, જેતારણ (પાલી),બગડી (પાલી), સોજત, પાલે સીટી , સિરોહી, રાજસમદ, ભિલવાડા તેમજ ગુજરાતના હિમંતનગર તથા ટંકારા ખાતેથી અલગ-અલગ વાહનો જેવા કે, ટાવેરા, બોલેરો પીક અપ, કેમ્પર તથા બલેનો જેવી ગાડીઓની ચોરી કરી તેની નંબર પ્લેટો કાઢી નાખી રાજસ્થાનમાં એન.ડી.પી.એસ.નો ધંધો કરતા બુટલેગરોને સસ્તા ભાવે ગાડીઓ વેચી નાખી તેના રૂપીયામાંથી પોતે મોજ શોખ તથા વ્યસન પાછળ ખર્ચ કરતો હોવાનું તેમજ આ આરોપી વિરુદ્ધ રાજસ્થાનના વિવિધ જીલ્લાના પોલીસ મથકમાં તેના સામે ૨૫ જેટલા ગુના નોંધાયેલા છે.

# હળવદ તાલુકાના પોકસો તથા અપહરણ કેસમાં આરોપી નિર્દોષ જાહેર: મોરબી સેશન્સ કોર્ટનો ચુકાદો

**મુખ્ય સમાચાર,હળવદ**

હળવદ તાલુકામાં ૧૭ વર્ષની કિશોરીના અપહરણ અને દુષ્કર્મના ચકચારી કેસમાં આરોપી અજય મગનભાઈ ગણેશિયાને મોરબી સેશન્સ કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરતો હુકમ જારી કરાયો છે. કોર્ટમાં બચાવ પક્ષે રજૂ કરેલી દલીલો અને પુરાવાના અભાવને આધારે આરોપીને નિર્દોષ જાહેર કરીને છોડી મુકવાનો હુકમ કર્યો છે.



હળવદ તાલુકામાં વર્ષ ૨૦૨૪ માં એક કિશોરીના અપહરણ અને દુષ્કર્મના ગુનામાં નોંધાયેલા કેસમાં મોરબી જીલ્લા એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. ફરિયાદ અનુસાર ૧૭ વર્ષની કિશોરીને આરોપી અજય મગનભાઈ ગણેશિયાએ સગીર વયની જાણ હોવા છતાં ફરીયાદીના વાલીપણામાંથી ભગાડી લઈ જઈ અવારનવાર અલગ અલગ સ્થળે દુષ્કર્મ આચર્યું હતું. આ કેસમાં હળવદ પોલીસ સ્ટેશને ભારતીય દંડ સંહિતા તેમજ પોકસો અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો હતો અને આરોપીની ધરપકડ કરી હતી. કેસમાં ફરિયાદી, પીડિત, પીડિતના માતા-પિતા, સાક્ષીઓ, ડોકટરો, પોલીસ તેમજ તપાસ અધિકારીઓના નિવેદન લેવામાં આવ્યા હતા. બચાવ પક્ષના વકીલ દીલીપભાઈ અગેચણીયાએ દલીલ કરી કે ફરિયાદ ખોટી અને પૂર્વગ્રહભરેલી છે અને આરોપી નિર્દોષ છે. તેઓએ અગાઉના ચુકાદાઓ કોર્ટમાં રજૂ કર્યા અને કહ્યું કે આરોપી સામેના આરોપો પુરાવાથી સાબિત થતા નથી. કોર્ટે તમામ દલીલો અને પુરાવાનું અવલોકન કર્યા બાદ આરોપી અજય ગણેશિયાને નિર્દોષ જાહેર કરીને છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી તરફથી ધારાશાસ્ત્રી દીલીપભાઈ અગેચણીયા, જીતેન ડી. અગેચાણીયા, રવિ ડી. ચાવડા અને કુલદિપ ઝિંઝુવાડીયા રોકાયેલ હતા.

# યુદ્ધની પરિસ્થિતિ પર જિલ્લા વહીવટી તંત્રની ચાંપતી નજર

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ સહિતના ઉચ્ચ અધિકારીઓ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે હાજર



**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ખાતે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, ચીફ ફાયર ઓફિસર કે.કે.બીશ્નોઈ સહિતના ઉચ્ચ અધિકારીઓ હાલની યુદ્ધની પરિસ્થિતિ પર સતત ચાંપતી નજર રાખી રહ્યા છે.તેમજ તેઓ દ્વારા પળેપળની માહિતી મેળવીને પરિસ્થિતિનું આકલન કરવામાં આવી રહ્યું છે.આ અંગે માહિતી આપતા કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિમાં જિલ્લાના લોકોએ કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી.વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ છે અને પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા માટે તમામ જરૂરી પગલાં ભરી રહ્યું છે.સાથે જ તેમણે લોકોને કોઈપણ પ્રકારની ખોટી અફવાઓથી ન ભરમાવા તેમજ તંત્ર દ્વારા અપાતી સત્તાવાર માહિતીને અનુસરવા અનુરોધ કર્યો હતો.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર લોકોને શાંતિ અને સલામતી જાળવવા માટે સહકાર આપવા વિનંતી કરે છે. કોઈપણ તાત્કાલિક માહિતી અથવા સહાયતા માટે જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ ૦૨૮૮-૨૫૫૩૪૦૪ પર સંપર્ક કરી શકાશે.

# મોરબી મનપા દ્વારા ફાયર સેફટી અંગે હોસ્પિટલ, શાળા અને હોટલના ૫૦૦ થી વધુ સ્ટાફને તાલીમ અપાઈ



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ ૨૯ એપ્રિલથી ૪ મે દરમિયાન શહેરના હોસ્પિટલ, શાળા અને હોટલોમાં ફાયર સેફટી ટ્રેનિંગ આપવામાં આવી હતી. હેલ્થકેર, શિક્ષણ અને હોટલ ક્ષેત્રના ૫૦૭ કર્મચારીઓને આગથી બચાવ અને ફાયર પ્રિવેન્શન માટેની મહત્ત્વની માહિતી આપી હતી. સાથે ફાયર સેફટી ચેકિંગ હાથ ધરવામાં આવ્યું અને જરૂરી ગાઈડલાઈન અપાઈ હતી.

મોરબી મહાનગરપાલિકા વિસ્તારમાં સુરક્ષાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશથી અગ્નિશમન શાખાએ ખાસ અભિયાન ચલાવ્યું હતું. અંદાજે ૩ હોસ્પિટલમાં ૪૮ હેલ્થકેર સ્ટાફ, ૩ શાળામાં ૪૩૦ સ્ટાફ અને ૩ હોટલના ૨૯ સ્ટાફને ફાયર પ્રિવેન્શન ટ્રેનિંગ અંતર્ગત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ટ્રેનિંગ દરમ્યાન આગ લાગવાના સંજોગોમાં ફાયર સાધનોનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે શહેરની વિવિધ હોટલોમાં ફાયર સેફટી સર્ટિફિકેટનું ચેકિંગ પણ હાથ ધરાયું અને જે હોટલ પાસે ફાયર એનઓસી ન હતું તેને નોટિસ આપવામાં આવી હતી. કુલ ૨૮ હોસ્પિટલ અને ૨૨ શાળામાં ફાયર સીસ્ટમ લગાવવામાં આવ્યા અને પ્રિવેન્શનના સૂચનો આપવામાં આવ્યા હતા. આ સમયગાળામાં જીલ્લા અંદર ૧૫ જગ્યાએ આગ લાગવાના બનાવ સામે આવ્યા હતા, જેમાં ૬ સ્થળોએ આગ લાગવા અને એક રેસ્ક્યુ કોલ મળતા ફાયર બ્રિગેડ સ્ટાફે તાત્કાલિક પહોંચી જઇ આગ પર કાબૂ મેળવી જાનમાલ બચાવી લેવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકા તરફથી જણાવાયું છે કે આવી પ્રવૃતિઓનો મુખ્ય ઉદ્દેશ શહેરની હોસ્પિટલ, શાળા વગેરેમાં આગ લાગવાના જોખમ સામે સતર્કતા વધારવી અને તમામને સજાગ રાખવી છે જેથી નાની મોટી દુર્ઘટનાઓ ટાળી શકાય. કોઈપણ આગથી સંબંધિત ઈમરજન્સી સમયે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને ૦૨૮૨૨ ૨૩૦૦૫૦ અને ૧૦૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# મોરબી ગ્રામ્ય વિસ્તારમાં લગ્નની લાલચ આપી સગીરાને ભગાડવાના કેસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના એક ગામમાં ૧૬ વર્ષીય સગીરાને લલચાવી, ફોસલાવી અને લગ્નની લાલચ આપીને ભગાડનાર વિરુદ્ધ પીડિતાના પિતાએ મોરબી તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે તાત્કાલિક ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખેત મજૂરી કરતા પરિવારની ૧૬ વર્ષીય દીકરીને કલ્પેશભાઈ સુખાભાઈ રહે.ધૂળકોટ ગામની સીમમાં રહેતા યુવકે લગ્નની લાલચ આપી લલચાવી, ફોસલાવી તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

સમગ્ર ઘટનાને લઈને સગીરાના પિતા દ્વારા મોરબી તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અપહરણ સહિતના કાયદા હેતુસર ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે વધુ તપાસ મોરબી તાલુકા પોલીસ કરી રહી છે.

# સરગમ ક્લબ તેમજ મંજુલાબેન ઠકરારના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

## ત્રણ દિવસ કેમ્પમાં ૬૫ દર્દી એ લાભ લીધો






**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન) ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૫/૨૦૨૫ થી ૩/૦૫/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૬૫ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૨૬ લેગ (પગ) નાં દદી ૨૮ અને રીપેરીંગ ૧૧ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર, જયુભાઈ ઠકરાર અને શિલ્પાબેન ઠકરાર (લંડન) પરિવારનો સહયોગ મળેલ છે.

દર વર્ષે ૧ મે ના રોજ લંડન નિવાસી મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

આ કેમ્પ ને સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, કનૈયાલાલ ગજેરા તેમજ મધુરીકાબેન જાડેજા, કૈલાશબા વાળા, ચેતનાબેન સવજાણી, સુધાબેન દોશી, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, દિવ્યાબેન ઉમરાણીયા, નિશાબેન વડગામા, શોભનાબેન સૌમેયા, મિતલબેન ચાગ, આશાબેન ભૂછડા વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ. આગામી કેમ્પ તા.૧/૦૬/૨૦૨૫ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

# વાંકાનેરના જોધપર ગામે ભેંસ-ઘેટા સાઈડમાં લેવાનું કહેતા ખેડૂત ઉપર ત્રણ શખ્સોનો હુમલો



**મુખ્ય સમાચાર,વાંકાનેર**

વાંકાનેર તાલુકાના જોધપર ગામે માર્ગ ઉપરથી ભેંસ-ઘેટાં સાઈડમાં કરાવવા બાબતે સર્જાયેલા વિવાદમાં તેમજ જુના ઝઘડાનો ખાર રાખી ખેડૂત ઉપર ત્રણ ઈસમોએ ધારીયા, લાકડી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી ઇજા પહોચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સમગ્ર બનાવ અંગે ઈજાગ્રસ્ત ખેડૂતે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વાંકાનેર તાલુકાના જોધપર ગામે રહેતા ખેડૂત અકબરભાઈ વલીમ-ામદભાઈ શેરસિયા ઉવ.૩૯ તેમનું ટ્રેક્ટર લઈને પોતાની વાડી તરફ જઈ રહ્યા હતા ત્યારે ઈસરાયલભાઈની વાડી નજીક રસ્તા પર ભેંસ અને ઘેટા લઈ જતા ગામના વિપુલભાઈ છેલાભાઈ ટોળીયા તથા વિજયભાઈ ઉર્ફે ગાંડિયો છેલાભાઈ ટોળીયાને સાઈડ કરવાનું કહેતા બંનેને સારું નહિ લાગતા, અકબરભાઈ સાથે બોલાચાલી થઈ હતી. જે બાદ આરોપી વિજયભાઈએ અચાનક ઉશ્કેરાઈ જઈ તેમની પાસે રહેલા ધારીયાથી હુમલો કર્યો હતો, જે અકબરભાઈના માથા પર વાગતા તેઓ લોહી-લુહાણ થયા. ત્યારબાદ વિપુલભાઈએ લાકડી વડે માથામાં ઘા માર્યો અને આ દરમિયાન સુરેશભાઈ પબાભાઈ ટોળીયાએ લોખંડના પાઈપ વડે પગ પર ઘા કર્યો હતો. હુમલા બાદ ત્રણે આરોપીઓએ અકબરભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપીને ભાગી ગયા હતા. જો કે, હુમલાનું કારણ અગાઉ વાડીમા ઢોર ચરાવવાની ના પાડી હતી તે વિવાદનો ખાર રાખીને પણ હુમલો કરાયો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે, હાલ વકકનેર તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# પ્રવિણચંદ્ર એન પરમારે રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ, મુંબઈના સભ્ય (ટેકનિકલ) તરીકેનો ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ, મુંબઈ, એ જાહેરાત કરતા આનંદ અનુભવે છે કે ભારતીય રેલ્વે ટ્રાફિક સર્વિસ (IRTS), ૧૯૮૮ બેચના નિવૃત્ત અધિકારી પ્રવિણચંદ્ર એન. પરમારે આજે, ૮ મે ૨૦૨૫ ના રોજ ટ્રિબ્યુનલના ટેકનિકલ સભ્ય તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે.

પરમાર ઓગસ્ટ ૨૦૨૩ માં પશ્ચિમ રેલ્વે, મુંબઈના પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર (PCCM) તરીકે નિવૃત્ત થયા. તેમના નેતૃત્વ હેઠળ, પશ્ચિમ રેલ્વેએ ૨૦૨૨-૨૩ માં અત્યાર સુધીની સૌથી વધુ આવક નોંધાવી અને સૌથી કાર્યક્ષમ ફરિયાદ વ્યવસ્થાપન માટે રેલ્વે બોર્ડની ટ્રોફી પ્રાપ્ત કરી.નિવૃત્તિ પછી, તેમણે તેમની વર્તમાન નિમણૂક સુધી એક વર્ષ માટે ગુજરાત સરકારના ઉપક્રમ, ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડમાં સ્વતંત્ર ડાયરેક્ટર તરીકે સેવા આપી.

ગુજરાતના ખેરાલુ તાલુકાના લુણવા ગામના વતની પરમારનો જન્મ અને ઉછેર પાટણ જિલ્લાના સિદ્ધપુરમાં થયો હતો. તેમણે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને ઇજીએનઓયુમાંથી મેનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો છે.

ભારતીય રેલ્વેમાં ૩૩ વર્ષની શાનદાર કારકિર્દી સાથે, પરમારે ઓપરેશન્સ, કોમર્શિયલ, સેફ્ટી અને જનરલ એડમિનિસ્ટ્રેશનમાં વિવિધ ભૂમિકાઓ નિભાવી છે. તેમણે નેશનલ એકેડેમી ઓફ ઇન્ડિયન રેલ્વેમાં ફેકલ્ટી તરીકે અને આઈઆરસીટીસી, અમદાવાદમાં ચીફ રિજનલ મેનેજર તરીકે ડેપ્યુટેશન પર પણ સેવા આપી છે.

તેમના વ્યાવસાયિક વિકાસમાં એલબીએસએનએએ મસૂરી, આયઆયએમ અમદાવાદ, આયએસબી હૈદરાબાદ, આયએનએસઇએડી સિંગાપોર અને આયસીએલઆયએફ, કુઆલાલંપુર, મલેશિયા જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી તાલીમનો સમાવેશ થાય છે. પરમારને બે વખત જનરલ મેનેજરનો કાર્યક્ષમતા પદક (મેડલ) મળ્યો છે અને ૨૦૦૪, ૨૦૧૫ અને ૨૦૧૯ માં રેલ મંત્રી હિન્દી નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઇનામ જીત્યું છે.

# મોરબીના મકનસર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસના જવાનો માટે યોગ, પ્રાણાયામ અને ધ્યાન માટેનું આયોજન કરાયું







**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સમગ્ર ગુજરાતમાં મેદસ્વિતાને નિયંત્રણમાં લાવવાના હેતુથી સરકાર દ્વારા ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત'' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ત્યારે મોરબીમાં પોલીસના જવાનો માટે મકનસર ખાતે આવેલા પોલીસ હેડ ક્વાર્ટરમાં યોગ પ્રાણાયામ અને ધ્યાન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં પોલીસના જવાનો જોડાયા હતા.

પોલીસની ફરજમાં શરીરની ફિટનેસ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. પોલીસ જવાનોનું જીવન અનિયમિતાથી ભરેલું હોવાના કારણે શારીરિક થાક અનુભવતા હોય છે જેના કારણે ડાયાબીટીસ, બીપી જેવી તકલીફોનો ભોગ બનતા હોય છે ત્યારે પોલીસના જવાનોના તન, મનને તંદુરસ્ત રાખવા માટેનો કોઈ રામબાણ ઈલાજ હોય તો તે છે યોગ અને પ્રાણાયામ. નિયમિત યોગ-પ્રાણાયામ કરવાથી તન તંદુરસ્ત બને છે અને મન મજબૂત બને છે. ત્યારે પોલીસના જવાનોની તંદુરસ્તી અને સ્વસ્થ આરોગ્ય માટે ઋષિ પ્રભાકરજી પ્રેરીત સિદ્ધ સમાધિ યોગના આચાર્ય રાજુ પટેલ અને નવનીતભાઈ કુંડારિયા બંને આચાર્ય દ્વારા મોરબીના મકનસર ખાતેના પોલીસ હેડક્વાર્ટરના પ્રાંગણમાં વહેલી સવારે પોલીસ જવાનોને યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા.

# ધો.૧૦ના પરિણામમાં મોરબી જીલ્લો ૮૮.૭૮ ટકા સાથે રાજ્યમાં દ્વિતિય ક્રમે

## સતત પ્રગતિ તરફ જીલ્લાનું શિક્ષણનું સ્તર; છેલ્લા ૫ વર્ષોમાં ધોરણ ૧૦ના પરિણામમાં ૧૫ ટકાથી વધુના વધારો




**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંક મેળવી મોરબી જીલ્લાએ ધોરણ ૧૦ના પરિણામમાં પણ રાજ્ય કક્ષાએ દ્વિતીય ક્રમાંક મેળવી સમગ્ર રાજ્યમાં મોરબીના શિક્ષણ ક્ષેત્રને આગવું ગૌરવ અપાવ્યું છે.

શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ પરિણામમાં મોરબી જીલ્લાએ ૮૮.૭૮ ટકા પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં બીજો ક્રમાંક મેળવ્યો છે. આ વર્ષે જીલ્લામાંથી કુલ ૧૨,૧૨૮ વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ની પરીક્ષા આપી હતી જેમાંથી ૧૦,૭૬૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. આ વિદ્યાર્થીઓમાંથી ૮૧૬ વિદ્યાર્થીઓએ ૧ ગ્રેડ મેળવી જીલ્લાને સિદ્ધિ અપાવી છે. છેલ્લા પાંચ વર્ષના ધોરણ ૧૦ના પરિણામની વાત કરીએ તો વર્ષ ૨૦૨૦માં ૬૪.૬૨ ટકા, વર્ષ ૨૦૨૧માં કોરોનાના કારણે માસ પ્રમોશન, વર્ષ ૨૦૨૨માં ૭૩.૭૮ ટકા, વર્ષ ૨૦૨૩માં ૭૫.૪૩ ટકા, વર્ષ ૨૦૨૪માં ૮૫.૪૦ ટકા અને વર્ષ ૨૦૨૫માં ૮૮.૭૮ ટકા પરિણામ મેળવ્યું છે. આમ તુલનાત્મક અભ્યાસ કરીએ તો છેલ્લા પાંચ વર્ષમાં મોરબી જીલ્લાના ધોરણ ૧૦ના પરિણામમાં ૧૫% થી વધુનો વધારો થયો છે. જીલ્લામાં ૩૩ શાળાઓએ સો ટકા પરિણામ મેળવ્યું છે, જ્યારે ઝીરો ટકા પરિણામ ધરાવતી હોય તેવી એકપણ શાળા નથી જે ગર્વની વાત છે.

મોરબી જીલ્લામાં મોરબી, વાંકાનેર, ટંકારા, જેતપુર(મચ્છુ), સિંધાવદર, હળવદ, ચંદ્રપુર, ચરાડવા, પીપળીયા અને પીપળીયા રાજ મળી કુલ ૧૦ કેન્દ્રો ખાતે ધોરણ ૧૦ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાંથી વાંકાનેરના પીપળીયા રાજ કેન્દ્રએ સમગ્ર મોરબી જીલ્લામાં ૯૬.૭૬ ટકા સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે ૯૪.૦૪ ટકા સાથે સિંધાવદર દ્વિતીય અને ૯૩.૯૪ સાથે ટંકારા કેન્દ્ર તૃતીય ક્રમાંકે રહ્યું છે.

ધોરણ ૧૦ના પરિણામમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જીલ્લા શિક્ષણ અધિકારી કમલેશ મોતા અને જીલ્લા શિક્ષણ અધિકારીની સમગ્ર કચેરી તથા જીલ્લાના શિક્ષણવિદો દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ, શાળાઓઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# મોરબી જીલ્લાના વિકાસકામોની સમીક્ષા બેઠક યોજતા પ્રભારી સચિવ મનિષા ચંદ્રા

## આપત્તિની પરિસ્થિતિમાં સરકારી સેવાઓ અને સાધનોની સક્રિયતા, પ્રિમોન્સુન કામગીરીમાં પ્રભારી સચિવે આપ્યું માર્ગદર્શન



**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લા પ્રભારી સચિવ મનિષા ચંદ્રાએ જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ સાથે દુશ્મન દેશના હુમલા કે યુદ્ધ સમયે સિવિલ ડિફેન્સની ૧૨ સેવાઓની સક્રિયતા અને સાધનોની સુનિશ્ચિતતા તથા જીલ્લામાં ચાલી રહેલ વિવિધ અભિયાન, વિકાસકામો અને યોજનાઓના અમલીકરણ અને સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી હતી.

બેઠક અન્વયે પ્રભારી સચિવ દ્વારા સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ કેચ ધ રૈન સહિત થયેલા કામો, પીએમ કિસાન યોજના અન્વયે ફાર્મર રજીસ્ટ્રી, પાણી પુરવઠા વિભાગ હેઠળના પાણીના પ્રશ્નો, મચ્છુ-૨ ડેમના ગેટના રીપેરીંગની કામગીરી, NFSA યોજના હેઠળ ઈ-કેવાયસીની કામગીરી, કમોસમી વરસાદના પગલે થયેલ નુકસાન, પ્રિ-મોન્સુન કામગીરી અન્વયે વિવિધ તૈયારીઓ અને ગટર, પાણીના કુદરતી નિકાલ તેમજ રોડ સાઈડની સફાઈ વગેરેની સમીક્ષા કરવામાં આવી હતી.

વધુમાં મોકડ્રીલ તેમજ સિવિલ ડિફેન્સ અંતર્ગતની કામગીરી, મોકડ્રીલ દરમિયાન રિસ્પોન્સ ટાઈમ, હોટલાઈન તથા સેટેલાઈટ ફોન જેવા કોમ્યુનિકેશનના સાધનોની સક્રિયતા તેમજ સિવિલ ડિફેન્સની વિવિધ ૧૨ સેવાઓના નોડલની નિમણૂંક સહિતના મુદ્દાઓ અંગે પ્રભારી સચિવએ ચર્ચા વિચારણા કરી જરૂરી સૂચનાઓ આપી હતી. ઉપરાંત તેમણે અધિકારીઓને કોઈપણ કામગીરીમાં ગુણવત્તાને વધુ મહત્વ આપી પરિણામલક્ષી કામગીરી કરવા તાકીદ કરી હતી.

આ બેઠકમાં જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, મોરબી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર સ્વપિનલ ખરે, જીલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એન.એસ. ગઢવી, પ્રાંત અધિકારીઓ, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ, નગરપાલિકાના ચીફ ઓફિસરો તથા વિવિધ વિભાગના વડાઓ સહિત જીલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રેમેડિયમ લાઇફકેરના રાઇટ્સ ઇશ્યૂને મળ્યો સકારાત્મક પ્રતિસાદ પહેલા બે દિવસમાં જ ૨૬% સબસ્ક્રાઇબ થયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેમેડિયમ લાઇફકેર લિમિટેડનો રાઇટ્સ ઇશ્યૂ કંપનીની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ માઇલસ્ટોન છે. આ ઇશ્યૂને રોકાણકારો અને શેરધારકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે અને બીજા દિવસના અંત સુધીમાં ૨૬.૦૩% સબસ્ક્રિપ્શન પ્રાપ્ત થયું છે. ઉલ્લેખનીય છે કે, રેમેડિયમ લાઇફકેર એક ઝડપથી વિકસતી કંપની છે, જે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટે સપ્લાય ચેઇન મેનેજમેન્ટના ભાગરૂપે કાચા માલના ટ્રેડિંગ અને ડિસ્ટ્રીબ્યુશનમાં વિશેષજ્ઞતા ધરાવે છે.

આ ઈશ્યુ મારફતે એકત્ર કરાયેલા ફંડનો વ્યૂહાત્મક ઉપયોગ વૈશ્વિક વિસ્તરણ પહેલને વેગ આપવા, મુખ્ય આંતરરાષ્ટ્રીય બજારોમાં કંપનીની ફૂટપ્રિંટને મજબૂત કરવા અને કાર્યકારી મૂડીને મજબૂત બનાવવા તેમજ છાઉ ક્ષમતાઓમાં રોકાણ કરવા માટે કરવામાં આવશે. આનાથી કંપનીના એકંદર નાણાકીય સ્વાસ્થ્યમાં સુધારો થશે.

પોતાની બેલેન્સ શીટને મજબૂત બનાવીને અને કાર્યકારી ક્ષમતાઓમાં વધારો કરીને, રેમેડિયમ લાઇફકેરનું લક્ષ્ય તેના રોકાણકારો માટે મહત્વપૂર્ણ લાંબાગાળાના મૂલ્ય પ્રાપ્ત કરવાનું છે. આ ઉપરાંત, તે ગ્લોબલ સ્પેશિયાલિટી કેમિકલ અને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં પોતાને એક અગ્રણી કંપની તરીકે સ્થાપિત કરવાનો હેતુ પણ ધરાવે છે.

રેમેડિયમ લાઇફકેર લિમિટેડના પૂર્ણકાલીન ડિરેક્ટર આદર્શ મુંજાલે જણાવ્યું હતું કે, નઆ પગલું કંપનીના નાણાકીય સ્વાસ્થ્યમાં સુધારો કરશે અને સાથે-સાથે નોંધપાત્ર વિકાસ માટેનું પ્લેટફોર્મ પણ તૈયાર કરશે. વૈશ્વિક સ્તરે અમારી હાજરી વધારવા અને વ્યાપક બજારને સર્વિસ આપવા માટે રિસર્ચ અને ઉત્પાદનમાં આગળ વધવા પર તમારું ધ્યાન કેન્દ્રિત છે. આ અભિગમ અમારી લાંબાગાળાની સ્થિરતા અને સફળતા સુનિશ્ચિત કરશે.''

આ વ્યૂહાત્મક પરિવર્તન, કંપનીની તાજેતરની સિદ્ધિ પછી આવ્યું છે, જેમાં કંપનીએ ફેબ્રુઆરી-૨૦૨૫ માં યુકે સ્થિત એક અગ્રણી ફાર્માસ્યુટિકલ ડિસ્ટ્રીબ્યુટર પાસેથી ?૧૮૨.૭ કરોડનો બહુ-વર્ષીય નિકાસ ઓર્ડર મેળવ્યો છે.

આ ઓર્ડર રેમેડિયમને ચેપ વિરોધી, રક્તવાહિની અને ઈંગજ ઉપચારાત્મક સેગમેન્ટમાં ફાર્માસ્યુટિકલ ઇન્ટરમીડિએટ્સના વિશ્વસનીય વૈશ્વિક સપ્લાયર તરીકે સ્થાન આપે છે.

રાઇટ્સ ઇશ્યૂમાં ભાગીદારી, એ માત્ર મૂડી યોગદાન કરતાં ઘણું વધુ રજૂ કરે છે. તે વાસ્તવમાં, મજબૂત નાણાકીય વ્યવસ્થાપન, સુધારેલ કાર્યકારી સુગમતા અને વ્યૂહાત્મક વૈશ્વિક વિસ્તરણને પ્રાથમિકતા આપતી કંપની સાથે જોડાણ દર્શાવે છે.

# રોનક વસંતે ધોરણ ૧૦ની પરીક્ષામાં મેળવ્યા ૯૫ પી.આર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ધોળકિયા સ્કૂલમાં અભ્યાસ કરતા રોનક વિજય ભાઈ વસંતે ધોરણ ૧૦ ની બોર્ડની પરીક્ષામાં ૯૫ પીઆર મેળવી શાળાનું અને વસંત પરિવારનું ગૌરવ વધાર્યું છે પહેલાથી જ ભણવામાં હોશિયાર એવા રોનક વસંતે બોર્ડની પરીક્ષામાં પણ ઉચ્ચ ગુણાંક મેળવી ભવિષ્યમાં ઉચ્ચ કારકિર્દી બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી રોનકને ગણિતમાં ૯૭ માર્ક્સ તેમજ વિજ્ઞાનમાં ૯૨ માર્ક્સ મળેલ છે આમ તેને ૧ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે રોનકની આ ભવ્ય સફળતા બદલ પરિવારના સભ્યો શાળાના શિક્ષક ગણ તેમજ સગા સંબંધીઓ તરફથી લાખેણી શુભેચ્છાઓ મળી છે

# ‘આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડે’ અનુસંધાને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે ''વિશ્વ થેલેસેમિયા દિવસ'' તેમજ ''નર્સિંગ ડે'' અનુસંધાને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ બ્લડ બેન્કના લાભાર્થે પી.ડી.યુ. હોસ્પિટલ ખાતે આયોજિત આ કેમ્પમાં ૫૦ જેટલી બોટલ રક્તનું દાન મળ્યું છે. જેનો મહત્તમ લાભ સિવિલ હોસ્પિટલ ખાતેથી સારવાર લેતા થેલેસેમિયાના દર્દીઓને આપવામાં આવશે.

ટ્રેઈન્ડ નર્સિંગ એસોસિએશન ઓફ ઈંડિયાના પુનિતા જીવરાજાનીએ નર્સિંગ ડે’ અનુસંધાને કાર્યક્રમોની વિગત આપતાં જણાવ્યું છે કે, બ્લડ ડોનેશન કેમ્પ બાદ તા. ૯ મે ના રોજ સ્ટાફ તેમજ સિવિલ ખાતે દર્દીઓના સંબંધીઓ માટે ''પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'' અંતર્ગત આયુષ્માન કાર્ડ, આર..ટી.ઓ. અને પોલીસ વિભાગના સહયોગથી ''ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ'' રાખવામાં આવેલ છે. તા. ૧૦ મેના રોજ ''રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ'' અંતર્ગત ડીસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર દ્વારા ડિસેબિલિટી અને અર્લી ઈન્ટરવેન્શન જાગૃતિ કાર્યક્રમ તેમજ આગામી તા. ૧૨ મે ના ''નર્સિંગ ડે ના રોજ નર્સિંગ સંમેલન યોજવામાં આવશે. જેમાં નિવૃત્તિ નર્સિંગ સ્ટાફ મિલન અને નર્સિંગ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર નર્સનું સન્માન કરવામાં આવશે.

આજે યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પનો પ્રારંભ અધિક્ષક ડો. મોનાલી માકડીયા, પી.ડી.યુ. કોલેજના ડીન ડો. ભારતીબેન પટેલ, બ્લડ બેન્કના હેડ ડો. ગૌરવી ધ્રુવ, વહીવટી અધિકારી ડો. મહેન્દ્ર ચાવડા, સિવિલ નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ પ્રકાશ પ્રજાપતિએ કરાવ્યો હતો. આ તકે સિવિલ હોસ્પિટલ તેમજ નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# જે મળેલું છે તેને પસંદ કરવાનું શીખો અથવા જે પસંદ છે તેને ધર્મપૂર્વક હાંસલ કરોઃ ડો. રાજીવ મિશ્રા



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ખુશ થઈ કામ કરશો તો ખુશી અને સફળતા બન્ને મળશે. આ ચમત્કારીક સુત્રના રચયતા કર્મયોગ મંદિરના સ્થાપક ડો.રાજીવ મિશ્રાએ જણાવ્યું હતું કે, દરેક વ્યકિતને તેમને ભૂતકાળના કરેલા કર્મોનું ફળ અવશ્ય મળે છે. તે સારૂ કે ખરાબ તેમણે કરેલા કર્મોને આધારે મળે છે. ડો.મિશ્રા દ્વારા દર રવિવારે તેમજ બુધવારે કર્મજ્ઞાન પર ઈવનીંગ પોસ્ટ જયુબેલી બાગ સામે રાજકોટ ડ્રિસ્ટ્રીકટ બેંક પાસે સવારે ૭ઃ૪૦થી ૮ઃ૨૦ દરમ્યાન સુંદર વ્યાખ્યાન અપાય છે. આગામી રવિવારે આ વ્યાખ્યાન માળામાં ડો.મિશ્રા દ્વારા ‘જે મળેલું છે તેને પસંદ કરવાનું શીખો અથવા જે પસંદ છે તેને ધર્મ પૂર્વક હાંસલ કરો’ તે વિષય પર લેકચર યોજાશે. આ લેકચરને સાંભળી જીવનમાં ઉતારવા શહેરીજનોને કર્મયોગ મંદિર દ્વારા આમંત્રણ પાઠવાયું છે. ઉલ્લેખનીય છે કે, ડો. મિશ્રા દ્વારા આ લેકચર તદન નિઃશુલ્ક આપવામાં આવે છે. વધુ વિગત માટે તેમજ કર્મજ્ઞાન ગ્રુપમાં જોડાવવા ડો.રાજીવ મિશ્રા વોટ્સઅપ મો. ૮૫૧૧૮૨૯૦૦૨નો સંપર્ક કરવો.

# વર્તમાન પરિસ્થિતિને લઈ “સાઈકલોથોન”નું આયોજન સ્થગિત કરાયું

શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગરૂપે “Healthy Gujarat - Obesity Free Gujarat” અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન અને રાજકોટ સાઈકલ ક્લબના સહયોગથી આગામી તા.૧૧-૦૫-૨૦૨૫ને રવિવારના રોજ આર્ટ ગેલેરી પાસે, રેસકોર્ષ ખાતે યોજાનારી સાઈકલોથોનનું આયોજન હાલ સ્થગિત કરવામાં આવેલ છે.

# સરદાર પટેલ તથા બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકરની જિલ્લા પંચાયત સ્થિત પ્રતિમાઓને આરક્ષિત કરાશેઃ પ્રવિણાબેન રંગાણી




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી અને ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદ એ એક સયુંકત અખબારી યાદીમાં જણાવ્યુ કે હાલ માં રાજકોટ જિલ્લા પંચાયત ભવનના નિર્માણ નું કાર્ય અવિરત પણે ચાલી રહ્યું છે. રાજકોટ જિલ્લા પંચાયત ખાતે અખંડ ભારત ના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ અને બંધારણ ના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકર ની પ્રતિમાઓ જિલ્લા પંચાયત ના પ્રાંગણ માં આવેલી છે. આ પ્રતિમાઓ ને હાલ ચાલી રહેલા જિલ્લા પંચાયત ભવન ના નવનિર્માણ ના કાર્ય દરમ્યાન કોઈ પણ જાત નું નુકશાન કે હાનિ ન પહોંચે તે હેતુથી આ મહાપુરૂષો ની પ્રતિમાઓ ને લોખંડ ની ફ્રેમ તથા જાળી દ્વારા આરક્ષિત કરવામાં આવશે જે જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી અને જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, ઉપપ્રમુખ રાજુભાઈ ડાંગર, કારોબારી ચેરમેન પી. જી. કયાડા, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન ભાનુબેન ભીખાભાઇ બાબરીયા,તમામ સમિતિ ચેરમેનઓ,શાસક પક્ષ નેતાશ્રી અને દંડક, જિલ્લા પંચાયત સદસ્યઓ સંયુક્ત રીતે એક અખબાર યાદીમાં જણાવવામાં આવ્યું છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શેરબજારના નામે ૧.૫ કરોડની ઠગાઈ કરનાર સુરતના ગઠીયાની શોધખોળ

## ૧૦ વ્યકિતઓને શીશામાં ઉતારતા ફરીયાદ નોંધાઈ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના લોકો પાસે શેરબજારમાં રોકાણ કરાવી અને વધુ વળતરની લાલચ આપી રૂ.૧ કરોડનું ફુલેકુ ફેરવ્યાની અરજી તાલુકા પોલીસ મથકમાં કરવામાં આવી છે. આ અરજીમાં બે મિત્રોએ ૩૧ લાખ રૂપિયા ગુમાવતાં સુરતના શખ્સ સામે કાર્યવાહી કરવા માટે તાલુકા પોલીસ મથકમાં પીઆઈને લેખિત અરજી કરી હતી. અરજી મુજબ તાલુકા પોલીસ મથકના સ્ટાફે કાર્યવાહી શરૂ કરી છે. વધુ વિગતો મુજબ, ૧૫૦ ફુટ રીંગ રોડ ગોવર્ધન ચોક પાસે સ્કાય હાઈટસમાં રહેતાં ભાવેશ ચંદુલાલ સોલંકી નામના યુવાને સુરતના લોન વ્યવસાયી દિવ્યેશ કાંતિલાલ ત્રાળા (રહે.ફ્લેટ નં.એ-૩૦૧, શાલીગ્રામ ફલોરા, જે.ડી.ડાયમંડ સ્કૂલવાળી શેરી, પાસોદરા, સુરત) અને તેમની (ઓફિસ ૨૧૨-૨૧૩ ડીમલેન્ડ બિલ્ડીંગ નિર્મલનગર પાસે, સરથાણા જકાતનાકા સુરત) સામે તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં ભાવેશભાઈએ લેખિત અરજીમાં જણાવ્યું હતું કે, તેઓના મિત્ર ધવલભાઈ રમેશભાઈ અમરેલીયા અને પોતે ધંધાના કામે ડિસેમ્બર ૨૦૨૩માં દિવ્યેશભાઈ ત્રાળા સંપર્કમાં આવ્યા હતાં અને તેઓએ એક લોન કેસ આપ્યો હતો.

ત્યારબાદ દિવ્યેશભાઈએ પોતાની ઓળખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે આપી હતી. પોતે શેર માર્કેટમાં પોર્ટફોલીયો બહુ મોટો મેનેજ કરે છે તેવું કહ્યુ હતુ અને શેરબજારમાં રોકાણના કાયદા વિશે થોડી સમજ આપી હતી. પરંતુ ફરિયાદી ભાવેશભાઈ અને ધવલભાઈને શેરબજાર વિશે કોઈ માહિતી ન હોય તેથી તેમણે રોકાણ કરવાની ના પાડી દીધી હતી. માર્ચ ૨૦૨૪માં ફરિયાદીએ આર.કે.સુપ્રીમ બિલ્ડીંગમાં ઓફિસ ભાડે રાખીને મે-૨૦૨૪ના નવી ઓફિસમાં ભાવેશભાઈ અને ધવલભાઈ સીફટ થયા હતાં ત્યારબાદ દિવ્યેશભાઈએ સુરતથી વારંવાર ફરિયાદીની મુલાકાત લઈ અને તેઓને પણ રાજકોટ ઓફિસ કરવી છે તેવું જણાવતાં હતાં. ત્યારબાદ ફરિયાદી ભાવેશભાઈએ ત્યાં નજીકમાં ૬૧૬ નંબરની ઓફિસ ભાડે અપાવી હતી. જેનું ઉદઘાટન જૂન ૨૦૨૪માં તેઓએ કર્યું હતું. ત્યારબાદ દિવ્યેશભાઈ પણ લોનનો વ્યવસાય કરતાં હતાં અને પોતે સુરત અને રાજકોટ ઓફિસ વચ્ચે આંટાફેરા કરતાં હતાં. રાજકોટની ઓફિસમાં ભાગીદાર તરીકે તેના મામાના દીકરા અને અન્ય સંબંધી બેસતાં હતાં, જે ઓફિસ અચાનક ડિસેમ્બર ૨૦૨૪માં બંધ કરી દીધી હતી. આમ આરોપીએ ફરિયાદીનો વિશ્વાસ કેળવવા માટે ઓફિસ કરી હતી તેમજ શેર માર્કેટમાં મહીને ૭ટકા નફો આપવાની લાલચે ભાવેશભાઈ અને ધવલભાઈ પાસેથી કટકે કટકે રૂા. ૩૧ લાખ લીધા હતાં અને આ સમયે આરોપીએ પ્રોમીશરી નોટ પણ લખી આપી હતી. ત્યારબાદ નવેમ્બર ૨૦૨૪માં નફો આપવામાં આરોપીએ ગલ્લા તલ્લા કરતાં અને નફો પરત માંગતા તેઓ મુદત આપવા લાગ્યા હતાં. ફેબ્રુઆરી ૨૦૨૫માં આરોપીએ કહ્યું કે તેઓનું મોટુ પેમેન્ટ આવવાનું છે ત્યારે હું તમને તમારા પૈસા પાછા આપી દઈશ. આમ છતાં આરોપીએ પૈસા આપ્યા ન હતાં અને ધવલભાઈ રૂબરૂ સુરત જતાં તેઓને ૨૧ એપ્રિલની મુદત આપી ચેક લખીને આપ્યા હતાં. આ સમયે દિવ્યેશભાઈએ ધવલને તા. ૧નાં રોજ ચેક બેંકમાં નાખી દેવા કહેલું હતું અને ધમકી આપી હતી કે હવે પૈસા માંગશો તો હું આપઘાતનો પ્રયાસ કરીશ અને હોસ્પિટલમાં તમારા બધાના નામ લખાવી દઈશ અને પોતે સુરત પોલીસમાં સારા સંબંધ છે તમને ખોટા કેસમાં ફીટ કરાવી દઈ તેવી ધમકી આપી હતી અને આ સમયે તેમના ચેક ખાતામાં નાખતા બાઉન્સ થયા હતાં.ત્યારબાદ દિવ્યેશભાઈના જુના ભાગીદાર સંદીપભાઈ કાનાણી પાસેથી જાણવા મળ્યું હતું કે દિવ્યેશભાઈ દોઢ કરોડ રૂપિયાનું ફુલેકુ ફેરવી ભાગી ગયા છે અને ૧૦ થી ૧૨ વ્યક્તિ તેમની પાસે પૈસા માંગે છે. આ મામલે ફરિયાદી ભાવેશભાઈ અને ધવલભાઈએ તાલુકા પોલીસ મથકમાં છેતરપીંડીની લેખિત અરજી આપી હતી.

# શેરબજારમાં ઉંચા વળતળની લાલચ આપી ૧૧.૪૭ લાખની ઠગાઇ કરનાર જામનગરનો શખ્સ ઝડપાયો

### આઠ માસ પૂર્વે નોંધાયેલ ગુનામાં કાર્યવાહી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના અંબિકા ટાઉનશિપ મેઇન રોડ પરના કૃપાની એપાર્ટમેન્ટમાં રહેતા દીપક જયંતીલાલ પરસાણિયા (ઉ.વ.૪૨) સાથે થયેલી રૂ.૧૧.૪૭ લાખની છેતરપીંડી મામલે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ ટીમે જામનગરના એક શખ્સની ધરપકડ કરી છે. અંબિકા ટાઉનશિપ મેઇન રોડ પરના કૃપાની એપાર્ટમેન્ટમાં રહેતા દીપક જયંતીલાલ પરસાણિયાએ આ મામલે આઠ માસ પૂર્વે સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતુ કે, પોતે ફાઈનાન્સ કંપનીમાં એરિયા ક્રેડિટ મેનેજર તરીકે નોકરી કરે છે અને તેના વોટ્સએપમાં શેરબજારમાં નફો કરવા માટે ટીપ આપતા તેમાં રસ પડતાં દીપકભાઈને ગ્રૂપમાં મેસેજ કરતા જ તેને અન્ય એક ગ્રૂપમાં સામેલ કરાયો હતો. જે તેની પાસે એક એપ ડાઉનલોડ કરાવાઈ હતી અને લિંક મોકલાઈ હતી. બાદમાં નાણાં રોકવાનું કહેવામાં આવતા દીપકભાઈએ ૧૪ ટ્રાન્ઝેક્શનમાં રૂ.૧૧.૪૭ લાખનું રોકાણ કર્યુ હતું. દીપકભાઈના પિતા બીમાર હોય નાણાની જરૂરિયાત ઊભી થતા નાણાં વિડ્રો કરવાનો પ્રયાસ કરતા પોતાને છેતરપિંડી થયાનો અહેસાસ થયો હતો.

આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ તપાસ કરી જયકુ માર ધિરેન્દ્રભાઈ ત્રીવેદી (રહે.આકાશદીપ ટાવર ફ્લેટ નં. ૧૦૭ પાર્ક કોલોની કુણાલ કોમ્પલેક્ષની પાછળ ડોમીનોજ પીઝાની બાજુમા જામનગર) ની ધરપકડ કરી છે. પકડાયેલ જયે અન્ય આરોપીના બેન્ક એકાઉન્ટ કમીશનના બદલામાં ભાડે આપી સાયબર ફ્રોડમાં ઉપયોગ કર્યો હતો. સાઈબર ક્રાઈમના પોલીસ ઈન્સપેક્ટર જે.એમ.કે લા, બી.બી.જાડેજા, વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર કે.પી.પટેલ તથા પો.હેડ કોન્સ. શિવભદ્રસિંહ એસ. જાડેજા, પો.કોન્સ. પૃથ્વીરાજસિંહ ડી. જાડેજા, જયભાઇ એમ. આદ્રોજાએ કામગીરી કરી હતી.

# સેન્ટ્રલ જેલના કેદી સહિત ૩ના હાર્ટ એટેકથી મૃત્યુ

### મહેશ્વરી સોસાયટીમાં મહિલા તેમજ કોઠારીયા સોલવન્ટમાં યુવકના મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં હાર્ટએટેકથી સેન્ટ્રલ જેલના કેદી સહિત વધુ ત્રણ લોકોના હૃદયરોગના હુમલાથી મોત નીપજતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. ભાણવડમાં હત્યાના ગુનામાં રાજકોટ જેલમાં સજા ભોગવતા વૃદ્ધ કેદી, મહેશ્વરી સોસાયટીમાં મહિલા અને કોઠારીયા સોલવન્ટના યુવાનનુ હાર્ટએટેકથી મોત થયુ હતુ.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ પોપટપરા જિલ્લા જેલમાં રહેલા પાકા કામના કેદી મેરામભાઈ રામાભાઇ ડાંગર (ઉ.વ.૬૯)નામના વૃદ્ધ કેદી ગઈકાલે રાત્રે નવી જેલમાં પોતાને બેરકમાં હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જયાર ફરજ પરના તબીબે જોઈ તપાસી હાર્ટ એટેકથી મોત થયાનું જણાવ્યું હતુ. આ અંગે પ્રનગર પોલીસ મથકના -પીએસઆઈ જે.બી. રાણીંગા સહિતના 'સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. મૃતક કેદી મુળ ભાણવડના કલ્યાણપુરના વતની હોવાનું અને વર્ષ ૨૦૧૬માં ભાણવડમાં હત્યા નીપજાવવાના ગુનામાં સજા પડતા છેલ્લા ત્રણ વર્ષથી રાજકોટ જેલમાં સજા કાપી રહ્યા હતા. જયારે બીજા બનાવમાં કોઠારીયા રોડ પર આવેલી મહેશ્વરી સોસાયટી શેરી નં.૧માં રહેતા અમીતાબેન સંજયભાઇ અજાગીયા (ઉ.વ.૪૦)નામના મહિલા ગઇકાલે રાત્રે પોતાના ઘરે સુતા બાદ જગાડવા જતા તેઓ ઉઠતા નહીં હોવાથી બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા તેમનું મોત નીપજ્યુ હતુ. રાત્રે ઉંઘમાં જ હાર્ટ એટેક આવી જતા મોત નીપજયાનું જાણવા મળ્યું છે. તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું અને પતિ લાદી કામ કરતા હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતુ. જયારે ત્રીજા બનાવમાં મુળ બિહારના અને હાલ કોઠારીયા સોલવન્ટમાં આવેલા આવાસ કવાર્ટરમાં રહેતો ધર્મેન્દ્ર દેવકુમાર પાસવાન (ઉ.વ.૩૦)નામનો યુવાન રાત્રે સુતા બાદ સવારે ઉઠયો જ ન હતો જેથી તેને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસડેવામાં આવતા તબીબોએ હાર્ટ એટેકથી મોત નીપજ્યાનું જણાવ્યું હતું.



### વિશ્વનગરમાં પ્રેમી સાથે રહેતી યુવતીને પરિવારે ન સ્વીકારતા આપઘાત

શહેરના વિશ્વનગરમાં પ્રેમી સાથે લીવ ઈનમાં રહેતી યુવતીએ પરિવાર ન સ્વીકારતાં ૨૩ દિવસ અગાઉ એસિડ પી લીધું હતું. જે બાદ તેણીની રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર ચાલુ હોય જ્યાં ગઈકાલે યુવતીએ દમ તોડી. આ અંગેની મળતી માહિતી મુજબ, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર બાલાજી હોલ નજીક વિશ્વનગરમાં પ્રેમી સાથે લીવ ઈનમાં રહેતી બીના દિનેશભાઈ પરમાર ઉ.૨૮ નામની યુવતીએ ગત તારીખ ૧૫/૪ ના ઘરે એસિડ ગટગટાવી લીધું હતું. જે બાદ તેણીને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હોય જ્યા ૨૩ દિવસ સુધી લાંબી સારવાર બાદ બીનાએ દમ તોડી દીધો હતો. સબંધીઓ પાસેથી જાણવા મળેલી માહિતી મુજબ, બીનાને સંજય નામના યુવક સાથે પ્રેમ હોય જેથી તેણે આ વાત પરિવારને કરી હતી પણ પરિવારે બંનેને સ્વીકારતા ન હોય જેથી લીવ ઈનમાં રહેતા હતા. જે બાદ બીનાના પિતાએ દીકરી સાથે કોઈ સંબંધ ન હોય તેવી જાહેરાત કરી હતી જે બાદથી તે ગુમસુમ રહેતી હતી. જેથી આ પગલું ભરી લીધું હતું. વધુમાં બીના સિક્યુરિટી ગાર્ડ તરીકે નોકરી કરતી જયારે સંજય સફાઈ કર્મચારી છે.

# રીબડાના યુવાનના આપઘાત પ્રકરણમાં રીમાન્ડ માંગણી સાથે કોર્ટમાં રજુ કરેલા બન્ને આરોપી વકીલને જેલહવાલે કરાયા



## ૪ યુવકને હનીટ્રેપમાં ફસાવવા બાહુબલીના સાગ્રીતે રાજકોટમાં કાવત્રુ રચ્યાનો પર્દાફાશ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મૂળ રીબડા ગામના અને રાજકોટમાં રહેતા પાટીદાર યુવાન અમિત ખૂંટ પર નોંધવામાં આવેલી બળાત્કારની ફરિયાદમાં આખે આખું પડયંત્ર હોવાનું અને આ ષડયંત્ર રાજકોટમાં રચાયું હોવાનો પોલીસે ઘટસ્ફોટ કરી આ મામલે ગોંડલના કોંગ્રેસના નેતા એડવોકેટ દિનેશભાઈ પાલાભાઈ પાતર અને રાજકોટના એડવોકેટ સંજય હેમંતભાઈ પંડિતની ધરપકડ કરી હતી. બંને વકીલને રિમાન્ડ માટે રજૂ કરવામાં આવતા કોર્ટે પોલીસની રિમાન્ડ અરજી રદ કરતા બંને વકીલને જેલ હવાલે કરાયા છે.અમિત દામજીભાઈ ખુંટને હનિટ્રેપમાં ફસાવી આપઘાત કરવા માટે મજબૂર કરાયાના કેસમાં પોલીસે દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દીધું છે.

ભોગ બનનાર સગીરાને વડોદરાના રિમાન્ડ હોમ ખાતે મોકલી આપવામાં આવી છે. જ્યારે પૂજા રાજગોરના બે દિવસના રિમાન્ડ ઉપર છે અને પકડાયેલ ગોંડલના કોંગ્રેસના નેતા એડવોકેટ દિનેશ પાતર અને રાજકોટના એડવોકેટ સંજય પંડિતની રિમાન્ડની માંગ સાથે આજે કોર્ટમાં રજુ કરવાં આવ્યા હતા. કોર્ટે પોલીસની રિમાન્ડ અરજી રદ કરતા બંને વકીલને જેલ હવાલે કરાયા છે.

જિલ્લ પોલીસ વડા હિંમકર સિંહ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે રીબડાના અમિત ખુંટને હનીટ્રેપમાં ફસાવવા અને બળાત્કારની ફરિયાદનું પડયંત્ર રાજકોટમાં રચાયું હતું. આ કેસમાં રીબડાના બાહુબલીના એક નજીકના શખ્સ જેને પોલીસે એક્સ તરીકે નામ આપ્યું છે તેનું નામ સામે આવ્યું છે. આ પડયંત્રનો સુત્રધાર રાજકોટ આવ્યો હતો જે આરોપી પૂજા રાજગોર સાથે છેલ્લા એક વર્ષથી પરિચયમાં છે. અમિત ખુંટ સામેની દુષ્કર્મની ફરિયાદના ૧૦ દિવસ પૂર્વે એક્સ નામનો શખ્સ રાજકોટ આવ્યો અને તેણે પૂજા તેમજ સગીરા અને ત્રીજી એક યુવતીને મળી અમિતને ફસાવવા માટે કાવતરું રચ્યું પૂજાની સહેલી ત્રીજી યુવતીને અમિતને ફસાવવા તૈયાર કરી પરતું તે પુખ્તવયની હોવાથી તેણે ના પાડી અમિતને પોક્સોમાં ફીટ કરવા માટે સગીરાને તૈયાર કરી અને પૂજા તેમજ સગીરાને બનાવ બને ત્યારે બન્ને વકિલ દિનેશ પાત્ર અને સંજ્ય પડત મદ માટે સાથે રહેશે અને જે પોલીસ અમિત સામેની ફરિયાદ માં ના પાડે અથવા ફરિયાદ નોંધવામાં મોડું કરે તો મીડિયાને બોલાવી મીડિયામાં સમાચાર આપી સમગ્ર કારસ્તાનને પાર પાડવાનો કારસો રચવામાં આવ્યો હતો.

# સીટી બસના ડ્રાઈવરના લાયસન્સ ચેક કરવાની ઝુંબેશ શરૂ કરતું પોલીસ તંત્ર



### ઈન્દિરા સર્કલે લાયસન્સ વિનાના બસ ચાલકે ૪નો ભોગ લીધો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ઈન્દિરા સર્કલે સર્જાયેલ સિટી બસ કાંડ બાદ પોલીસ એક્શન મોડમાં આવી છે. સિટી બસના ડ્રાઈવરના લાયસન્સ ચેક કરવાની ઝુંબેશ શરૂ થઈ છે. ખાસ ડ્રાઇવ અંતર્ગત કિશાન પરા ચોક સહિતના પોઈન્ટ પર પોલીસે બસના ચાલકોના લાયસન્સ ચેક કર્યા હતા.

ઉલ્લેખનિય છે કે, ગત તા.૧૬ એપ્રિલના રોજ, રાજકોટના ઈન્દિરા સર્કલ પાસે બેફામ આવેલી રાજકોટ મનપાની સીટી બસે અને વાહનોને કચર્યા હતા જેમાં ચાર લોકોના મોત નીપજ્યા હતા. આ બનાવ બાદ લોકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. તેવામાં પોલીસ તપાસ દરમિયાન એવું ખુલ્યું હતું કે જે અકસ્માત સર્જાના બસના ચાલકનું લાયસન્સ એક્સપાયર થઈ ગયું હતું. છતાં તે બસ ચલાવતો હતો. જેથી હવે પોલીસ તંત્ર પણ સફાડું જાગ્યું છે અને કિસાનપરા ચોક સહિતના પોઈન્ટ પર સીટી બસોને અટકાવી બસ ચાલકોના લાઈસન્સ ચેક કરવામાં આવ્યા હતા.

# જામનગર રોડ પરથી બાઇક ચોરી કરનાર રીઢો તસ્કર પકડાયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રિઢો બાઈકચોર કે જે ક્ષણભરમાં બાઈકને ગાયબ કરી દેવાની કળા' કરી રહ્યો હોય ક્રાઈમ બ્રાન્ચની ટીમે દબોચી લઈ ચોરાઉ બાઈક કબજે કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.ડી.ડોડિયા, હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ચૌહાણ, રાજેશભાઈ જળુ, પ્રદીપસિંહ જાડેજા સહિતની ટીમે જામનગર રોડ પર પથીકાશ્રમવાળી શેરીમાં ચોરાઉ હોન્ડા નં.જીજે૩એન-૫૨૭૨ લઈને ઉભેલા હનીફશા ઈબ્રાહીમશા શાહમદાર (ઉ.વ.૩૫)ને અટકાવી પૂછપરછ કરતાં શરૂઆતમાં તો તેણે આ બાઈક પોતાનું હોવાનું રટણ કર્યે રાખ્યું હતું. જો કે પોલીસે બાઈકના દસ્તાવેજી પૂરાવા માંગતાં જ તે પોપટ બની ગયો હતો અને આ બાઈક તેણે કૂવાડવા રોડ પર લાતીપ્લોટ શેરી નં.૮માંથી ચોર્યું હોવાની કબૂલાત આપતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં ખુલ્યા પ્રમાણે હનીફશા સામે ચોરી સહિતના ૧૬ ગુના નોંધાયેલા છે.

# રીબડા ના પટેલ યુવાનના આપઘાત પ્રકરણમાં બે વકીલોની ધરપકડના વિરોધમાં ગોંડલ બાર એસો. દ્વારા પ્રાંત અધિકારીને આવેદન



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલનાં ચકચારી બનેલા રીબડાનાં અમીત ખુંટ આપઘાત પ્રકરણમાં એડવોકેટ દિનેશભાઈ પાતર તથા સંજયભાઈ પંડીતની ધરપકડ કરાઈ હોય ગોંડલ બાર એસોસિએશન દ્વારા વિરોધ દર્શાવતુ આવેદનપત્ર ગોંડલ પ્રાંત અધિકારીને અપાયું હતુ.

જેમાં જણાવાયુ હતુ કે રીબડા ગામનાં અમીત ખુંટ પર બળાત્કાર તથા પોકસો મુજબની ફરિયાદ કરવામાં આવેલ છે. અમને મળેલ માહિતી મુજબ દિનેશભાઈ પાતર તથા પ્રભાઈ પંડીતની સલાહ લઈ ફરિયાદ કરવામાં આવેલ તેવુ તેવુ જણાવાયુ છે. અમીત ખુંટે આપઘાત કરેલ જેથી આ બન્ને વકીલની આપઘાતનાં ગુનામાં ધરપકડ કરવામાં આવેલ છે. વકીલ માટે ક્લાયન્ટને માર્ગદર્શન આપવુ એ ગુનો નથી. પોલીસને વકીલ અને ક્લાયન્ટ વચ્ચેનાં કોઈપણ પ્રકારના પ્રકારનાં શંદેશા વ્યવહાર વિશે માહીતી લેવાનો કોઈ અધિકાર નથી. વકીલ અને ક્લાયન્ટ વચ્ચેની વાતચીતનાં આધારે એડવોકેટને આવા ગંભીર ગુન્હામાં ફસાવવામાં આવ્યા છે.

ગોંડલ બાર એસોસિએશનનાં સભ્ય દિનેશભાઈ પાતર તથા રાજકોટનાં બાર એસોસિએશનનાં સભ્ય સંજયભાઈ પંડીતને તેઓનાં ઘરેથી કોઈપણ જાતની જાણ કર્યા વગર ખુબજ ગંભીર પ્રકારનાં ગુના માં ધરપકડ કરવામાં આવેલ છે. જેને કારણે વકીલની પ્રતિષ્ઠાને ભારે નુકસાન થયુ છે અને સમગ્ર વકીલ સમુદાયની ખરાબ છબી ઉભી થઈ છે. કાયદા વિભાગ અને સરકારને જાણ કરો જેથી કોઈ પણ એડવોકેટને તેના કામ અંગે પોલીસ દ્વારા ખોટી રીતે ગુનામાં ફસાવી ના શકાય તેવુ જણાવાયુ હતુ.

# માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલ ગોડાઉનમાં છતના પતરા તોડી તસ્કરો ૨.૨૭ કરોડના ટેલીકોમના મટીરીયલનો હાથફેરો કરી ગયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રૈયારોડ પર રહેતા જુનીયર ટેલીકોમ ઓફિસરે માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલ BSNLના ગોડાઉનમાંથી તસ્કરો ૨.૨૭ કરોડના ટેલીકોમના મટીરીયલની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે. રૈયારોડ ઉપર આવેલા સોપાલહીલ પી ૪૦૨માં રહેતા અને BSNLમાં જુનીયર ટેલીકોમ ઓફિસર તરીકે ફરજ બજાવતા મયુરભાઈ ધિરૂભાઈ પોપટાણીએ બી ડીવીઝન પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે પાંચ દિવસ પૂર્વે એટલે કે ગત.તા.૩ના હું રજા પર હતો ત્યારે માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલ ગોડાઉનના સ્ટોર કિપર રમેશનો ફોન આવ્યો અને કહ્યું કે તે ગોડાઉનમાં આવેલ ત્યારે છતના પતરા તૂટેલ હતા. અને સામાન વેર-વિખેર પડેલ હોવાની વાત કરી હતી.જેથી ફરજ પરના ઈ. ઓફિસર ધર્મેન્દ્ર જોષીએ વિઝીટ કરી હતી.અને ગત.તા.૬ના હું રજા પરથી આવી ગોડાઉનમાં તપાસ કરવા જતા જાણવા મળ્યું કે તસ્કરો ગોડાઉનની છત તોડી પ્રવેશ કરી ટેલીકોમ મટીરીયલના નંગ કિ.૨, ૨૭,૩૪૫,૭૬ કરોડની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ એમ.એન.પીઠીયાએ ગુનો નોંધી તસ્કરોનું પગેરૂ મેળવવા સીસીટીવી આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના વ્યાજખોરે મોરબીના કારખાનેદારને ફસાવી જમીન લખાવી લીધી

## વ્યાજે લીધેલા રૂપિયા ૮ લાખના બદલામાં પેનલ્ટી સહિત ૧.૩૫ કરોડ માગ્યા બદલામાં સંયુક્ત ખાતાની જમીનના હિસ્સાનું સાટાખત કરાવી લીધુંઃ રાજકોટ અને મોરબીના બે શખ્સો સામે ફરિયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં વ્યાજના જંગલમાં ફસાયેલા લોકોને બહાર કાઢવા અને નાના ધંધાર્થીઓને સરકારી લોન આપી રોજગાર ધંધો શરૂ કરવા માટે રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા પોલીસને તકલીફ કરાઈ હતી કે વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવા આદેશ કરાયો હતો ત્યારબાદ શહેર અને જિલ્લામાં પોલીસ દ્વારા લોક દરબાર યોજી વ્યાજખોરો સામે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી પરંતુ વ્યાજખોરો પોલીસને ગાથા ન હોય તેમ વધુને વધુ વ્યાજના કિસ્સા પ્રકાશમાં આવવાનું શરૂ થયું છે ત્યારે મોરબીમાં એક કારખાનેદારને રાજકોટના વ્યાજખોર સહિત બે શખ્સોએ ૮,૦૦,૦૦૦ ઉંચા વ્યાજે આપી બાદમાં પેનલ્ટી સહિત ૧.૩૫ કરોડ ની માંગણી કરી જમીનનો સાટા ખત કરાવી લેતા મોરબી પોલીસમાં ફરિયાદ નોંધાય છે

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ મોરબીમાં રવાપર રોડ પર આવેલ બોની પાર્ક સપનાસૃષ્ટિ એપાર્ટમેન્ટ માં રહેતા અને મોરબીના રફાળેશ્વર ગામે ધવલ પેકેજીંગ નામનું કારખાનું ચલાવતા ફરિયાદી સંજયભાઈ ધરમશીભાઈ અઘારા નામના પટેલ વેપારીએ રાજકોટમાં ભગવતી પરામાં રહેતો મોહિત રામભાઈ આગરીયા અને મોરબીના રવાપરમાં રહેતો રમેશ દેવાભાઈ બોરીચા નામના બે શખ્સો વિરુદ્ધ મોરબી એસઓજીમાં ફરિયાદ નોંધાવી છે કે અગાઉ પટેલ વેપારીને દીકરીના લગ્ન માટે નાણાંની જરૂરિયાત ઊભી થતા તેણે રવાપરના રમેશ બોરીચા નો સંપર્ક કર્યો હતો અને નાણાં વ્યાજે આપતા રાજકોટના ભગવતી પરામાં ઓફિસ ધરાવતો મોહિત રામભાઈ આગરીયા પાસે લઈ ગયો હતો અને ત્યાં રૂપિયા ૮ લાખ ઉંચા વ્યાજે લીધા હતા.

થોડા સમય બાદ થોડા સમય બાદ મોહિત અને રમેશ એ પટેલ વેપારી પાસે વ્યાજે આપેલા નાણાંની પઠાણી ઉઘરાણી શરૂ કરી તેનો કારમાં અપહરણ કરી રાજકોટ ભગવતી પરામાં આવેલો ઓફિસે લાવી વ્યાજના નાણા નો પેનલ્ટી સાથે રૂપિયા ૧.૩૫ કરોડનો હિસાબ બતાવી ધમકાવી જાનથી મારી નાખવાની ધમકી આપી તેની મોરબીમાં આવેલી સંયુક્ત જમીનનો હિસ્સો લખાવી સાટાખત ભરાવી લીધું હતું. બાદમાં આ બાબતે કોર્ટમાં નોટિસ મોકલાવતા પરિવારના સભ્યોને જાણ થતા જમીન પચાવી લેવાના આઘાતમાં પટેલ વેપારીની પત્નીએ ઝેરી દવા પી આપઘાત નો પ્રયાસ કર્યો હતો ત્યારબાદ વેપારીએ મોરબી પોલીસમાં ફરિયાદ કરતા આ બાબતે મોરબી એસઓજી શાખાના પીએસઆઇ એમ એસ અન્સારી સહિતના સ્ટાફે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



# ધોરણ ૧૨માં ૯૯.૯૩ પર્સન્ટાઈલ મેળવી રિયા પરમારે અનુ.જાતિ સમાજનું ગૌરવ વધાર્યું



**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના સ્લમ વિસ્તારમાં રહેતા સામાન્ય પરિવારના વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ અને ધોરણ ૧૦ ની પરીક્ષામાં સારા માર્કસ સાથે પાસ થઈ પરિવાર અને સમાજનું ગૌરવ વધારે છે ત્યારે શહેરની ભાગોળે થોરાળા વિસ્તારમાં રહેતા અને પેટ્રોલ પંપ માં કામ કરતા ધર્મેશભાઈ પરમારની પુત્રી રિયા પરમાર એ ધોરણ ૧૨ ની પરીક્ષામાં ૯૯.૯૩ પર્સન્ટાઇલ મેળવી ઉત્તીર્ણ થઈ પરમાર પરિવાર અને સમગ્ર અનુજાતી સમાજનું ગૌરવ વધાર્યું છે આ તકે કોંગ્રેસ હેલ્થ હોસ્પિટલ સેલ ચેરમેન ગીરીશભાઈ વાણીયા તથા કિશોરભાઈ મકવાણા તથા પ્રકાશભાઈ ચાવડા તથા ધર્મેશભાઈ પરમાર તથા જયંતીભાઈ સોલંકી તથા મૂળજીભાઈ ડોડીયા સહિતના સમાજના અગ્રણીઓએ રિયા પરમારને હાર્દિક શુભકામના પાઠવી છે